રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## શ્રી બળવંત પારેખ જન્મ શતાબ્દી વર્ષ

જન્મ તા. ૧૨/૦૩/૧૯૨૪ સ્વ. તા. ૨૫/૦૧/૨૦૧૩




વર્ષ: ૭૭ અંક : ૦૯ ૧૫ એપ્રિલ, ૨૦૨૪

# ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર વાર્ષિકોત્સવ


**તારીખ : ૦૯-૦૧-૨૦૨૪, મંગળવાર** **સ્થળ : ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા**



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો



મુખ્ય વકતા : શ્રી રાજેન્દ્રસિંહજી રાણા



આવકાર પરિચય :
શ્રી અરુણભાઈ દવે



ગ્રા.દ.મૂ. આંબલા વાર્ષિક અહેવાલ :
શ્રી વાઘજીભાઈ કરમટિયા




ગ્રા.દ.મૂ. મણાર વાર્ષિક અહેવાલ :
શ્રી ડાયાભાઈ ડાંગર




આભારદર્શન :
શ્રી સુરસંગભાઈ ચૌહાણ





વાર્ષિકોત્સવ સંમેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ માણતાં સુજ્ઞ શ્રોતાઓ





# કોડિયું

વર્ષ : ૭૭ | એપ્રિલ : ૨૦૨૪ | અંક : ૦૯

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | એક અનન્ય વ્યક્તિત્વઃ બળવંત પારેખઃ બલ્લુભાઈઃ બી.કે.<br>મનુભાઈ પંચોળી 'દર્શક' | ...૦૬ |
| ૦૨ | યે 'ફેવિકોલ' કા જોડ હૈ !<br>અરુણ દવે | ...૦૮ |
| ૦૩ | ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા વાર્ષિક અહેવાલ<br>સુરસંગભાઈ ચૌહાણ | ...૧૧ |
| ૦૪ | ગ્રામદક્ષિણામૂર્તિ મણાર વાર્ષિક અહેવાલ<br>સુરસંગભાઈ ચૌહાણ | ...૨૪ |
| ૦૫ | કથા : આશા અને વિકાસની<br>બિંદુ - પાર્થેશ | ...૩૧ |
| ૦૬ | ગાંધીનો ધબકાર : ગાંધી ઈકોનોમી - 'સ્વ' નહીં, 'સૌ'<br>સોનલ પરીખ | ...૩૪ |
| ૦૭ | લોકશાળા સંઘની શિક્ષણ સંગોષ્ઠિ - રેલી (શિક્ષણનો સર્જનાત્મક અનુબંધ)<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૩૬ |
| ૦૮ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ગયા અંકમાં આપણે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ દ્વારા થયેલ વર્ષ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓનો વિગતે અહેવાલ મેળવ્યો. આ અંકમાં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંસ્થાઓનો નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ અને આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી ડાયાભાઈ ડાંગરે તૈયાર કરેલ ગત વર્ષનો અહેવાલ મેળવીને તૃપ્ત થશું. બંને સંસ્થાઓના તમામ કાર્યકરોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીએ.

આ દિવસોમાં આપણી તમામ સંસ્થાઓમાં અને સંલગ્ન સંસ્થાઓમાં 'બળવંત પારેખ શતાબ્દી વર્ષ' નિમિત્તે યોજાઈ રહેલ અસંખ્ય કાર્યક્રમો માણી રહ્યા છીએ. બળવંત પારેખ દેશના ઉદ્યોગ, શિક્ષણ, સાહિત્ય, ગ્રામોત્થાન, વિદ્યાવિસ્તરણ, વિજ્ઞાન અને સંસ્કાર જગતનું એવું વત્સલ વડીલ નામ છે કે જે કોઈ તેમના પરિચયમાં આવ્યું હોય એ ધન્યતાનો અનુભવ પામ્યું હોય. અસામાન્ય વ્યકિતત્વ ધરાવતા પ્રખર વિભૂતિ સમા બળવંતભાઈને મૂલવવા શબ્દો ઓછા જ પડે. મનુષ્યત્વના રંગે રંગાઈ જઈને તેમણે પૂરા વત્સલ-સમર્પિતભાવથી નિજાનંદી ચેતનાથી પરિચયમાં આવનાર સૌ કોઈને ગમતાંનો ગુલાલ કરીને ધન્ય ધન્ય કર્યા છે.

'બાઈબલ'નું પ્રસિદ્ધ વાક્ય છે કે ''જો તારી પાસે દીવો હોય તો તેને સૂંડલે ન ઢાંકીશ, ટેકરી પર મૂકજે. જેથી અનેકને દૂર સુધી અજવાળી શકાય.'' આપણા વ્હાલા બળવંતદાદા તો સ્વયં પોતે જ ટેકરી બન્યા અને પોતાના જ આત્મબળના તેલથી સમર્પિત-સેવાની વાટથી સમગ્ર સમાજ-વિસ્તારને ઝળહળતો કરી મૂક્યો.

શું આપણે માની શકીએ કે આજે ૬૦૦ જેટલી પ્રોડકટસ, ૭૦ દેશોમાં વેપાર, સેંકડો અબજનું ટર્નઓવર, અબજોનો નફો રળતી અને હજારોને લાખોનો પગાર આપતી પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક- માલિક બળવંતભાઈ પારેખ અને તેમના પત્ની કાંતાબહેન ૧૯૪૭માં માત્ર રવિવારે જ શાક કરવાનું આયોજન કરી શકતા. કેરોસીન લેવા રેશનની લાઈનમાં એક વર્ષના પુત્ર મધુકરને તેડીને કલ્લાકો સુધી ઊભા રહેતા કાંતાબહેન પ્રાઈમસ એવો કરકસરથી વાપરતા કે જેથી રસોઈ કર્યા પછી પ્રાઈમસ પર સંશોધક બળવંતભાઈ પોતાના મૌલિક પ્રયોગો કરી શકે અને વધતા કેરોસીનથી ફાનસ પેટાવીને અભ્યાસુ બળવંતભાઈ વાંચી શકે !

આપણા સૌના હૃદયસ્થ બળવંતદાદા અને કાંતાબાની જીવનયાત્રા આપણા સહુ માટે અત્યંત પ્રેરણાદાયક, રોમાંચક અને ચમત્કારસભર, ભવ્ય છે ! આ ભવ્યતા વચ્ચે બળવંતદાદાની દિવ્યતાને પામવા માટે આપણે તેમના વિશે વધારે જાણીએ, સમજીએ એ જ શતાબ્દી ઉજવણી...

— [signature]

## ૦૧ એક અનન્ય વ્યક્તિત્વઃ બળવંત પારેખઃ બલ્લુભાઈઃ બી.કે.

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

---

બલ્લુભાઈ પારેખ - અમે તો તેમને કહેતા બી.કે.તેઓ જેના પરિચયમાં આવે તે જો સંવેદનશીલ હોય તો આ વ્યક્તિ અનન્ય છે તેવી અનુભૂતિ અનુભવે. શાસ્ત્રોમાં કહ્યું છે, ધન સત્તા યૌવન આ બધાં ભેગાં થાય ત્યાં અવિવેક ન આવે એવું ભાગ્યે જ બને. એકલું ધન પણ અવિવેકને નોતરે છે. ત્યારે અહીં તો ત્રણેય વાત ભેગી હતી. છતાં બલ્લુભાઈ વિવેકની સૌજન્ય મૂર્તિ બની રહેલા.

'ફેવિકોલ' આપણા મોટા ઔદ્યોગિક સાહસોમાંનું એક. બી.કે.એ તેની પહેલી ઈંટ માંડી શિખર સુધીની ઈમારત ચણી. મહુવાના એક સામાન્ય વણિક કુટુંબમાં જન્મ, અભ્યાસ પણ બી.એ. જેટલો જ, પણ કોઠાસૂઝ, વિનય, ઔદાર્ય, સૌજન્યમાં સૌને હરાવે. એમની સુમેળની શોધ તો યાદ જ કરવી પડે.

મારા લાંબા પરિચયમાં મેં કદી એમને ઉતાવળા થતાં કે ઊંચે સાદે બોલતા કે અહંભાવનો છાંટોય દેખાડતા જોયા નથી.

સંસ્કારીતાની જે કોઈ વ્યાખ્યા કરીએ તેમાં તેમનો અગ્રિમ નંબર આવતો. આનું કારણ કદાચ એમનો મનોવિજ્ઞાનનો-પૃથક્કરણશીલ મનોવિજ્ઞાનનો અસાધારણ અભ્યાસ હશે. એમણે માનવશાસ્ત્રમાં જેટલું વાંચ્યું-વિચાર્યું છે તેટલું ભાગ્યે જ કોઈ અધ્યાપકે પણ વાંચ્યું-વિચાર્યું હોય. ઉદ્યોગપતિ અને માનસશાસ્ત્ર? નવાઈ લાગે ને? એમને મન જરાય નવાઈ ભરેલું નહીં. એ તો કહે સાચો નિર્ણય લેવા સ્વસ્થ મન જોઈએ ને આ સ્વસ્થ મન રાખવા મનને સમજવું જોઈએ. ગીતાએ તો કહ્યું જ છે કે -

'મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો' મન મોક્ષ કે બંધનનું કારણ છે. સામાન્ય ધર્મશાસ્ત્ર એ માટે ભક્તિ કરવાનું - ઈશ્વર શરણનું સાધન બતાવે. બલ્લુભાઈ ભાગ્યે જ મંદિરે ગયા હશે, માળા જપવાનું પણ કર્યું નહોતું, તે તો એમ સમજે કે આપણે સીધા મનને જ મળો ને ! મનને પકડો કે મનને બાંધો તેવી ભાષા એમનામાં ઉદ્ભવે જ નહીં. મનને સમજો, એનેય કાંઈક કહેવાનું હશે કે એનેય કાંઈક ગેરસમજ હશે. ચાલો મનોવિશ્લેષણ કરીએ. કહેવું સહેલું પણ કરવું તો અઘરો ખેલ છે, કારણ કે આપણી અને મનની વચ્ચે અહંકાર ઊભો છે. છે તો ચાલો તેનુંય વિશ્લેષણ કરીએ. અને વૈદ્ય જેમ નિદાન કરે તેમ આ અહંકાર, મનનું નિદાન કરે. આ પુરુષાર્થ 'ફેવિકોલ' ઊભું કરવા કરતા અઘરો જ પણ તેમાં કેમ સફળ થયા તેની કહાણી તો તે પોતે જ હતા.

'ફેવિકોલ'માં હજારેક કારીગરો-કર્મચારીઓ હશે પણ કોઈ સાથે ભાગ્યે જ બલ્લુભાઈને ઘર્ષણ થયું હશે ને થાય ત્યાં તો નિદાન થાય ને પતી જાય. આ સિદ્ધિનું મૂળ મનોસ્વાસ્થ્ય ને તેમાંથી પ્રજ્ઞાની પ્રાપ્તિ.

એ નોંધવા જેવું છે કે આ પ્રજ્ઞા માટે એમણે નથી ગુરુ કર્યા, નથી કંઠી બાંધી, નથી યાત્રા કરી, હા મનોયાત્રા કરી. આ યાત્રા બેજોડ છે, અજોડ છે.

છતાં બી.કે. મનોવિશ્લેષણમાં પુરાઈ ન રહ્યા. તેમના પુસ્તકાલયમાં સાહિત્ય ઢગલાબંધ- બધા પ્રકારનું, જેમાં નવલકથા, કવિતા, નાટક, ઇતિહાસ બધું. શણગાર માટે નહીં, વાંચે ને સાહિત્યિક મિત્રો જોડે સંગોષ્ઠિ કરે.

પોતાના વતનનો પ્રેમ અઢળક, ત્યાંના સારા કામમાં તેમનો પૂરો હાથ રહેતો. દાન આપવામાં કદી પાછી પાની ન

કરે, પણ જ્યાં કાંઈ દંભ લાગે ત્યાં સ્પષ્ટ ના પાડી આપતા. પણ ખરું કામ જુએ ત્યાં કશાય ભેદભાવ વિના હોંશથી આપે.

અમારા પરિચયમાં તેમની સાહિત્યવૃત્તિ મૂળમાં. વેપાર,મનોવિજ્ઞાનમાં આપણા રામને શું રસ પડે? હા ગામડાં બેઠાં કરવામાં રસ. તે જેને મળું તેને કહું. એમને પણ એક વાર મેં કહ્યું હતું.

'બી.કે. તમે શહેરમાં ઘણું ધન આપ્યું હવે ગામડાં તરફ કેમ ન જાઓ? એ ગામડાં જ શહેરને પોષે છે.'

તેજીને તો ટકોરો બસ.

ફરી કહેવું ન પડ્યું. 'ત્રિવેણી કલ્યાણ કેન્દ્ર' શરૂ કર્યું. કળસાર ગામમાં પોતાની સોના જેવી જમીન આપી. વિદ્યાર્થી, શિક્ષકોના નિવાસ, ગ્રંથાલય, જલાગાર, અતિથિગૃહ બધું ઊભું કર્યું. ૨૫- ૩૦ લાખ ખર્ચ કરેલો. બાળકો-બાળાને ભેગાં કર્યા. જેને જરૂર હોય તેને સંસ્થાના ખર્ચે રાખ્યા. બી.કે. જે કરે તે વ્યવસ્થિત ઝીણવટથી પૂરું કરતા.

આજે કળસારનું એ ઉત્તર બુનિયાદી વિદ્યાલય નઈ તાલીમનું ઘરેણું બની ગયું છે ને બાળકો-બાળાઓ કિલ્લોલ કરે છે. અહીં ખેતી, ગૃહશિક્ષણ સિવાય પણ શાખાઓ ખોલવાની હોય પણ સરકારને તેની પડી નથી, નથી આપણને કહેવાતા ભણેલાઓને તેની પડી. બેકારો અસંતુષ્ટોની ફોજ વધારવાનું અવિરત ચાલે છે. હવે તો લાંચ વિના નોકરી મળવી જ મુશ્કેલ થઈ તોય- લિંકનની ભાષામાં કહીએ તો 'ખાણદાણ કરતાં ટટ્ટુ વધી ગયા છે.'

પણ આનો ઉપાય પણ જેમણે સફળતાથી ઉદ્યોગો - નાના કે મોટા ચલાવ્યા છે તેમણે જ કરવો પડશે. કારણ કે તેઓ જ કામના જાણકાર છે. બેકારી સામેના મુદ્દાનું એ શિક્ષણ આપી શકે.

બી.કે.એ આ કામ ઉપાડ્યું તે ચોક્કસ માર્ગદર્શક નવો ચીલો પાડનારું નીવડશે જ. કારણ કે અમે તો ખેતી-ગોપાલનમાં જ કાંઈક કર્યું છે. ગ્રામોદ્યોગ- નાનો ઉદ્યોગ કેમ કેળવણીનાં વાહન બને તે કરી બતાવવાનું બાકી જ છે. ને તે તો વેપાર - ઉદ્યોગના જાણકારો જ બતાવી શકે.

ધન હોય - તેને ચીવટથી જાળવી રાખવાની સમજણ હોય છતાં જાણે માલિકીભાવ ન હોય તેવા બી.કે. હતાં. આ મનોવૃત્તિથી કશાય દેખાડા વિના પ્રસન્ન રહે ને પ્રસન્ન રાખે. બી.કે.ની સંગત આ પ્રસન્નતાનો અનુભવ કરાવે. પછી તે ઉદ્યોગો હોય, વેપાર હોય, જાહેર કામ હોય બધેય પ્રસન્નતા, મૌન પ્રસન્નતા.

મારા નામે 'દર્શક ફાઉન્ડેશન' કર્યું ને દર વર્ષે સાહિત્ય, ગ્રામસેવા અને નઈ તાલીમ માટે ઉત્તમ કામ કરનારને લાખ લાખનાં ત્રણ ઈનામો જાહેર કર્યા. તેના માટે મોટી રકમનું દાન આપ્યું ને મોટી - નાની રકમનાં દાન મેળવ્યાં. બીજા કોઈ પ્રદેશમાં સાહિત્યકારને , શિક્ષકને નામે આવું મોટું ફાઉન્ડેશન થયાનું મેં જોયું નથી. મોટાઈ મારી નથી. મારાથી મોટા સાહિત્યકારો શિક્ષકો થયા છે ને થશે, પણ બી.કે.ને તો પોતાના હૃદયનો મૈત્રીનો મહિમા ગુજરાતમાં પ્રગટ કરવો હતો. સાહિત્યકારો- શિક્ષકો સમાજ પરિવર્તનમાં મથનારને બહાર લાવવા હતા. ને ડાહ્યા પ્લેટો એ કહ્યું જ છે કે, 'ઉત્તમતાને સેવે તે જ સમજું'

એવા બી.કે. ગ્રામાભિમુખ પ્રવૃત્તિમાં, નઈ તાલીમની સંસ્થાઓમાં, વૈજ્ઞાનિક અભિયાનમાં ખૂબ પ્રવૃત્ત રહેતા. એવા બી.કે.માં રહેલ પ્રજ્ઞાની શોધ અને નિસ્પૃહતાને આપણે સૌ કેળવીએ.

(શ્રી બળવંત પારેખ અમૃતપર્વ નિમિત્તે ૧૯૯૯માં પ્રકાશિત અભિવાદન ગ્રંથ 'નેપથ્ય'માંથી-સાભાર)

## ૦૨ યે 'ફેવિકોલ' કા જોડ હૈ !

**અરુણ દવે**

---

ખૂબ પ્રયત્ન કરવા છતાં આપણે મા-બાપને કયારથી ઓળખતાં થયાં કે કયારે તેમનાં પરિચયમાં આવ્યાં એ ચોક્કસ કહી શકાતું નથી. એવા જ મારા બળવંતભાઈ પારેખ સાથેના પરિચયનું છે.મારી વિજ્ઞાન પ્રચાર-પ્રસાર અભ્યાસની ગાડીને જે સમયે બળતણની જરૂર હતી...એ બંને સમયે બળવંતભાઈએ મારા જીવનમાં અને એણે ગતિ પકડી લીધા પછી જે સમયે ઉચિત ટ્રેક બદલવાની જરૂર હતી એ સમયે બળવંતભાઈએ અતિ નોંધપાત્ર સહાય કરી હતી.

નાનપણથી જ ગૃહ-સુશોભન અને વિજ્ઞાન રમકડાં બનાવવાનો મને શોખ હોવાથી કાયમ ઘરમાં 'ફેવિકોલ' રાખું. પ્રથમ વખત જયારે ખબર પડી કે આ માણસ 'ફેવિકોલ' બનાવતી કંપનીના માલિક છે. ત્યારે ભારે રોમાંચ થયેલો. જે વસ્તુને હું સદા ઘરમાં રાખતો તેના જ માલિક 'કવીક ફીકસ'ની જેમ ચપટી બજાવતાં હૃદયમાં ચોટી જશે અને પછી ભવોભવ ચોંટેલા જ રહે તેવી પરમેશ્વરને પ્રાર્થનાયે કર્યા કરીશ એવી ત્યારે મને ખબર નહોતી.

તેઓ નામ પ્રમાણે શકિતનાં અનેક સ્વરૂપોના સ્ત્રોત હતા. અટક પ્રમાણે સંપૂર્ણ વૈજ્ઞાનિક દ્દષ્ટિથી જડ-ચેતનને પૃથક્કારી આંખ-મગજ અને હૃદયથી પારખવાની અજોડ શકિત ધરાવતાં. સ્પષ્ટ વિચારો, નિખાલસતા, આત્મસંયમ, આત્મબળ, કોઈ પણ ક્ષેત્રના કહેવાતા ધુરંધરોથી અંજાવું નહીં. આવી સજ્જતા અને સમજણ એમણે કયાંથી મેળવી હશે તેનો તાળો તો જયારે તેમની લાઈબ્રેરી મેં જોઈ ત્યારે જ મળેલો! પોતાને જે વિષયનો અભ્યાસ કરવો હોય તેવા વિષયના તજ્જ્ઞોને પરદેશથી સ્વખર્ચે આમંત્રવા તેમને સંકોચ કે કરકસર નહીં. અંધશ્રદ્ધ, વહેમ કે અધકચરી વિગતોને જીવન-વ્યવહારમાં કયાંય ફરકવા પણ ન દે.

અનેક વખત આ અરુણને 'ઉષાકિરણ'ના જે કોમળ, વત્સલ સ્પર્શનો અનુભવ થયો છે. એ બહુમાળી 'ઉષાકિરણ' મકાનમાં ઘરના દરેક સભ્ય સાથે બળવંતભાઈને વ્યવહાર કરતા જોવા એ પણ એક પ્રકારનું શિક્ષણ બની રહેતું. ભાઈઓ, દીકરીઓ, જમાઈ, સગાંઓ, મિત્રો, સાથીઓ વગેરેથી માંડીને જેમની સાથે પરિવારના સભ્યોના અતિ આગ્રહથી ફરીથી ધામધૂમથી લગ્નવિધિનો પ્રસંગ ઊજવાયો એ જીવનસાથી શ્રી કાંતાબહેન સુધીના દરેક સાથેના બળવંતભાઈના વ્યવહારને જોવાનો મોકો મને મળ્યો છે. દરેક વખતે મને તેમનામાં શુદ્ધ સ્વરૂપનાં પારદર્શક સ્ફટિકમય સહૃયી વડીલનાં દર્શન થયાં હતાં. તેમના સાદા, સ્વચ્છ અને સુઘડ ઘરમાં કાયમ સંપત્તિના સ્થાને સંસ્કૃતિનાં જ દર્શન થયાં છે. તેમનું ઘર વૈભવ અને રાચ-રચીલું ઉપસાવતું નહીં પણ જરૂરી સગવડતાભર્યું દેખાતું. એ ઘરમાંનું વ્યાપક સમજણવાળું, સહજ, સાદું, સમરસ વાતાવરણ તમને ઘડીભરમાં મહેમાન મટાડીને ઘરના એક સભ્ય જ બનાવી દે. દૂરના ઘૂઘવતા દરિયાને મન મૂકીને માણી શકાય તેવી મોટી બારીની સામે નાનકડી ખાટે હીંચકતાં હીંચકતાં મોઢેથી વ્હીસલ વગાડતાં બળવંતભાઈને જોવા, સાંભળવા એ પણ એક લહાવો હતો.

પ્રયોગશીલ, વાચક, અભ્યાસુ,દ્દઢ મનોબળ ધરાવતા, તટસ્થ મૂલવણીકાર, શિક્ષણપ્રેમી, સફળ ઉદ્યોગપતિ, કુટુંબ વત્સલ, ઉત્તમ મિત્ર, નિખાલસ, ગુલાબી સ્વભાવના જેવાં અનેક વિશેષણો તેમના માટે સહેલાઈથી વાપરી શકાતા. આ સજ્જન, લખપતિ કહોને કે મહાલખપતિ તો હતા જ પરંતુ ઉપાસના તો સરસ્વતીની જ કરતાં. તેમને શ્રેષ્ઠી તરીકે કે ઉમદા માણસ તરીકે તોળતાં તો પલ્લું તો 'ઉમદા માણસ' વાળું જ નમતું. બળવંતભાઈ પારેખની સજ્જનતા માટે નીચેનો શ્લોક

સમુચિત છેઃ

'ધૃષ્ટમ્‌ધૃષ્ટમ્ પુનરપિ પુનશ્ચન્દનમ્ ચારુગન્ધમ્
છિન્નમ્ છિન્નમ્ પુનરપિ પુનઃ સ્વાદુ ચૈવાક્ષુદડમ્ ।
દગ્ધમ્ દગ્ધમ્ પુનરપિ પુનઃ કાન્ચનમ્ કાન્તવર્ણમ્
નઃ પ્રાણાન્તે પ્રકૃતિવિકૃતિર્જાયતે સજ્જનાનામ્ ॥

બળવંતભાઈ કંઈકને મદદરૂપ થતાં, બિલકુલ ભાર, વટ, અહમ્ કે મોટાઈ વગર. અરે, પોતે મદદ કરી છે એ સાંભરે નહીં, ઊલટાનું એવું વલણ દાખવતાં કે ભાઈ, તમારી પાત્રતા હતી એથી મને મદદ કરવાનું મન થયું. આમ મદદ લેનાર ક્યારેય લઘુતાગ્રંથિમાં કે પોતે દાતા તરીકે ક્યારેય ગુરુતાગ્રંથિમાં ન આવી જતાં. એ તેમનો સહજભાવ રહેતો. વળી જો મદદ કરવી યોગ્ય ન જણાય તો ગમે તેટલી ભલામણો કે વિનંતીઓ આવે તો તેની સામેય બળવંતભાઈ અચળ રહી જતાં.

બળવંતભાઈની બીજી બળુકાઈ એ હતી કે સમાજની સારપનો સરવાળો કરવો. જેમની પાસે જે કાંઈ આવડત, કૌશલ, તજ્જ્ઞતા, સંબંધો સ્વરૂપે જે સારપ હોય એને શોધીને સમાજના ભલા માટે એકઠી કરી સંગઠિત કરવાનું તેમને ખૂબ ગમતું. કાયમ વાતને 'પોઝિટિવ' લેવાની, એટલે કે પ્યાલો અર્ધો પણ ભરેલો જોવાની જ તેમને ટેવ હતી. સર્જનાત્મક વલણ અને વહીવટની ઊંડી સૂઝનો માનવીય મૂલ્યો સાથેનો એવો સમન્વય એમનામાં હતો. કોઈ પણ પ્રશ્ને 'હું ઈઝ રોંગ?' નહીં પણ ' વોટ ઈઝ રોંગ?' દૃષ્ટિકોણથી બધું સમજવા પ્રયત્ન કરતાં.

જેના જેનામાં જે સારપ હોય તેને તેઓ આગળ લાવતાં. પ્રોત્સાહિત કર્યા કરતાં. એવા લોકોના પરિચયો પણ કરાવતાં. મારો ડૉ.કનુભાઈ સાથે અને ડૉ.કનુભાઈનો મારી સાથે ભેટો કરાવી 'જાવ ભઈલા, હવે સમાજકાર્ય માટે રમો' તેવું ગોઠવી આપતાં. ક્યાંય બહાર દૂર જાય તોપણ કોને શું ઉપયોગી થશે? કોને શેની જરૂર છે? એ પણ યાદ રાખતાં. હોંગકોંગથી સોલાર-સેલથી પંખો ચાલે તેવી એક વિશિષ્ટ પંખાવાળી ટોપી લેતા આવેલાં. સૌને જોવી વાપરવી ગમે તેવી એ નવી વસ્તુ. મને કહે, ''લો 'એનર્જી પાર્ક'માં સૂર્યશક્તિથી ચાલતાં ઘણાં સાધનો છે, પણ આ ટોપી નથી. ત્યાં રાખજો અને સૌને સમજાવજો.''

બહારગામથી ઘરે આવતા દાદાની થેલી ભાગની આશાએ જેમ નાના છોકરાઓ ફેંદે તેવું અમારું આ બળુદાદા આવે ત્યારે થતું ! વસ્તુ, ચોપડીઓ, સારા ઉપયોગી લેખ, કોઈક ઉપયોગી માણસોના નામ સરનામાં,ટેલીફોન નંબર વગેરે તેઓ અવશ્ય લેતા આવતાં. અમારી છેલ્લી મુલાકાત વખતે લોકભારતીના મહેમાનગૃહમાં તેમના પલંગ ઉપર મેં વિશ્વવિખ્યાત ચોપડી 'Black Hole and Baby Univereses and othre essays' જોઈ. અમારી આંખો મળે ત્યાં એ બોલ્યા, 'આ તમારા માટે લાવ્યો છું, વાંચજો'

તેમની પાસે બ્રહ્માંડના ભેદભરમ વિશેની ઉપરોક્ત વિજ્ઞાન ચોપડી હોય, 'સમુદ્રાન્તિકે' જેવી નવલકથા હોય કે 'એકત્વની આરાધના' જેવું ચિંતનાત્મક પુસ્તક હોય, 'ભૂમિપુત્ર' અને 'ટાઈમ મેગેઝિન' પણ હોય. તેમના રસ, અભ્યાસના ક્ષેત્રો એટલાંબૃહદ કે મારી સાથે વાત કરતાં કરતાંમાં જો શ્રી મનુદાદા આવી જાય તો વળી તેમની સાથે સાહિત્ય, ઈતિહાસ, વિશ્વ રાજકારણ, શિક્ષણ વગેરેનું સ્ટેશન શરૂ થઈ જતું. જાણે કે ટેલિવિઝનની ચેનલ જ બદલવાનું થતું હોય એવું સહજ લાગતું.

મારાં ઉપર કુરિયર સર્વિસ દ્વારા અમુક દિવસના અંતરાલ પછી કવર આવતાં,ધારણા પ્રમાણે જ તેમાં ઉપયોગી વિષયો ઉપરના સરસ લેખોની ઝેરોક્ષ હોય. દરેક લેખ ઉપર એ કોને વાંચવા આપવાનો છે અને કોને કઈ બાબતથી

પરિચિત કરવાના છે એવી ઊંડી સમજણથી આવું લોકશિક્ષણનું કાર્ય તેઓ કર્યા કરતાં. મને ટપાલી થઈને તેમની વ્યાપકતાથી પરિચિત થવાનું સદ્‌ભાગ્ય મળતું.

મારી વિજ્ઞાન-શિક્ષણની પ્રવૃત્તિના પ્રસાર માટે બળવંતભાઈ તરફથી 'કોરો ચેક' મળેલો હતો. મેં પાંચ હજારથી માંડીને બે લાખ રૂપિયા સુધીના માંગણી-ચેક અનેક વખત લખ્યાં હતાં, અને એકેય વખત કોઈ ચેક પાછો ફર્યો નહીં.. અમારા વચ્ચે ઉંમરનો પચ્ચીસ વર્ષનો તફાવત, પણ કયારેય એ તફાવત નડયો-ખૂંચ્યો ન હતો. હું એમને ખચકાતા સ્વરે કહું કે, 'તમારે ત્યાં આવતાં વિજ્ઞાન-વિષયક સામયિકો જૂનાં થાય પછી મને મોકલશો તો મને ઉપયોગી થશે.' તરત જ કહેતાં, 'આ તમે સારું સૂચન કર્યું, કારણ કે મારે જૂનાં સામયિકો કયાં મૂકવાં એ પ્રશ્ન હતો.'

અમારી વિજ્ઞાન પ્રચાર-પ્રસારની અનેક પ્રવૃત્તિઓમાં એક પ્રવૃત્તિ ૫૦ ટકા રાહત દરે વિજ્ઞાનની સરળ, સસ્તી પુસ્તિકાઓ વહેંચવાની કરતાં. અમે પ્રકાશકો પાસેથી શકય એટલું વધારે કમિશન માંગતા. પછી ઘટતી રકમ બળવંતભાઈ ભરી આપતાં. સમયના અભાવે બધી પ્રવૃત્તિઓ કરી શકતા નહોતા, આ પુસ્તક વેંચાણનું કામ બંધ કરવાનું વિચારીને જેટલો સ્ટોક હતો એ વેચી નાખવા અમે વિચાર્યું. અહીના ઝરિયા ગામની પ્રાથમિકશાળાએ અમે પુસ્તકોનો પથારો કરીને બેઠા. એક નાની છોકરી વારંવાર આવે. એ ચોપડીનાં પાનાં ફેરવીને પાછી ચાલી જાય. હું તેને જોયાં કરું. છેલ્લે છોકરીએ હિંમત ભેગી કરીને એની ઈચ્છાને વાચા આપી, 'ભાઈ, મને આ ચોપડીનાં આઠ આનામાં જેટલાં પાનાં આવે તેટલાં ફાડીને આપો, મારી પાસે આખી ચોપડી લેવાય તેટલા પૈસા નથી.' હું તો આ સાંભળીને સ્તબ્ધ જ રહી ગયો.ફાટી આંખે જોઈ જ રહ્યો. 'શાબાશ દીકરી' કહીને તેને તેડી લીધી. મારી આંખો ઊભરાઈ આવી. મેં તેને આખી ચોપડી અને લટકામાં તેના આઠ આના પાછા આપ્યા.મારાં તોળાયેલાં આંસુમાં બળુદાદા જ દેખાયા હશે એટલે તરત જ અર્ચના (મારી પત્ની)એ કહેલું, 'આ માત્ર સંકેત નથી, પણ બળુદાદાનો આદેશ છે, આપણે આ પ્રવૃત્તિ ચાલુ જ રાખવાની છે.' આવી જિજ્ઞાસુવૃત્તિ ધરાવતાં આ દેશનાં બાળકો વચ્ચે જવાનું મળે એ કેવું સદ્‌ભાગ્ય ગણાય! આનું શ્રેય પણ બળવંતભાઈને જ જાય.

૧૯૯૪માં મારાં અમેરિકા અને ઈંગ્લૅન્ડ જવાની આગલી રાત્રીએ (વર્ષોથી અમેરિકામાં વસતાં લોકોયે ન ફરી શકયાં હોય તેટલાં બધાં સ્થળોને આવરી લેતી) 'રાઉન્ડટુર ટિકિટ' મારાં હાથમાં પકડાવીને મેં કેટલાં જોડી મોજાં લીધાં છે એ તપાસી લેવાનું પણ બળવંતભાઈ ભૂલ્યા નહોતા.

'એલા, ત્યાં આટલી જોડીએ ન થાય !' મને પોતાના બેડરૂમમાં લઈ જઈ નવાં મોજાંઓ ભરેલું બોક્સ ઠાલવતાં કહેલું, 'તમને જે કલર ગમતાં હોય તેવા ચાર,પાંચ જોડી મોજાં આમાંથી લઈ લો'. હતાં તો એ પગને જ હૂંફ આપનારાં મોજાં પણ હું તો આખોયે હૂંફાળો-હૂંફાળો થઈ ગયેલો.

મારાં અનેક સફળ કાર્યોમાં, ઈચ્છાઓ પૂર્ણ કરવામાં, વિદેશ જવામાં, વિકસવામાં, અનેક સંબંધો બાંધી આપવામાં બળવંતભાઈએ પૂરા આદર-સન્માન સાથે મને પ્રોત્સાહિત કર્યો હતો. અમારો કોઈ જ લોહીનો કે આગલી પેઢીનો પરિચય સંબંધ નહીં, મારો તેમને કદી ઉપયોગ-ખપ પણ નહીં, છતાં કેવો ને કેટલો નિઃસ્વાર્થ પ્રેમ ! હું કેવો નસીબદાર કે આવા વત્સલ વડીલની નિશ્રામાં જીવવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું ! મારાં જીવનમાં આ સંબંધ પાછળનું કોઈ રહસ્ય, કોઈ મૂળ કારણ હું પકડી શકતો નથી. હા એટલી ખબર જરૂર છે કે આ સંબંધ, જોડ એ અતૂટ છે. કારણ? કે-''યે 'ફેવિકોલ'કા જોડ હૈ, ટૂટેગા નહીં!''

(શ્રી બળવંત પારેખ અમૃતપર્વ નિમિત્તે ૧૯૯૯માં પ્રકાશિત અભિવાદન ગ્રંથ 'નેપથ્ય'માંથી- સાભાર)

## ૦૩ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા વાર્ષિક અહેવાલ જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩

**સુરસંગભાઈ ચૌહાણ**

---

ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા–મણાર સંસ્થાના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન એવા લોકપ્રિય, સક્રિય,પૂર્વ સાંસદ અને અભ્યાસુ રાજનીતિજ્ઞ આ.શ્રી રાજેન્દ્રસિંહજી રાણા, આદ.શ્રી અરુણભાઈ અન્ય ટ્રસ્ટીશ્રીઓ. અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો તથા વહાલા વિદ્યાર્થી ભાઈ-બહનો સૌને નમસ્કાર. ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું.

ગત વર્ષ એટલેકે ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા આનંદ અનુભવું છું. ગત વર્ષે આપણી શાળામાં અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવી. આખું વર્ષ ધમધમતું રહ્યું. દરેક વિભાગ પ્રમાણે આયોજન મુજબ સુંદર કાર્યો થયા. જેની વાત કરતા પહેલા આપણા સ્નેહીજનો જે હવે આપણી વચ્ચે નથી રહ્યા, તે સર્વોને યાદ કરીએ, જેમાં.....

### શ્રધાંજલિ

આપણી સંસ્થાના કાર્યકરશ્રી દીપકભાઈ પંડ્યાના મોટાબહેન, શ્રી ગૌરાંગભાઈ વોરાના મોટા બાપુજી, શ્રી મહર્ષિભાઈના દાદા, શ્રી કેતનભાઈના મોટાભાઈ, શ્રી વાઘજીભાઈના કાકા, મોજીલા પ્રોજેક્ટના કાર્યકર અને પૂર્વ વિદ્યાર્થી સ્વ.અજયભાઈ, આપણા પૂર્વ વિદ્યાર્થી અને લોકભારતીના કાર્યકર સ્વ.શ્રીધરભાઈ ગર્જ્જર, આપણી સંસ્થાના સ્થાપક પૂજ્ય નાનાભાઈ ભટ્ટના દીકરા,પૂર્વ વિદ્યાર્થી-કાર્યકર સ્વ.ભરતભાઈ ભટ્ટ ,આપણી સંસ્થાના પૂર્વ નિયામકશ્રી લાલજીભાઈ નાકરાણીના દીકરી અ.સૌ.બિન્દુવાસિની પટેલ. આ સર્વો આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી સૌ વતી પ્રાર્થના.

### આનંદના સમાચાર

૧. ધોરણ ૧ થી ૮ સુધીની સ્વનિર્ભર છાત્રાલય નિવાસી પ્રાથમિકશાળાની મંજૂરી સરકારશ્રી તરફથી પ્રાપ્ત થયેલ છે. જેમને ''મોજીલી પ્રાથમિકશાળા'' નામ આપવામાં આવેલ છે. જેમાં આ વર્ષે ૬-૭-૮ ધોરણમાં છાત્રાલય આરંભ કરેલ છે.

૨. આપણા પૂર્વ કાર્યકરશ્રી શાંતિભાઈ હઠીલાના પુત્ર અને પૂર્વ વિદ્યાર્થી શ્રી સૂર્યકાન્તભાઈ હઠીલાને માનનીય રાષ્ટ્રપતિશ્રીના વરદ હસ્તે ભૂમિ સમ્માન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

૩. એન.સી.સી. કેમ્પમાં 'બેસ્ટ સ્કૂલ ૨૦૨૩નો એવોર્ડ' અને 'ચેમ્પિઓન ઓફ ટગ ઓફ ફોર'નો એવોર્ડ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા લોકશાળાને મળેલ. આ ઉપરાંત આપણી લોકશાળાના વિધાર્થીઓ નીચે મુજબ એવોર્ડ મેળવેલ છે. બેસ્ટ ફાઈરિંગ કેડેટનો એવોર્ડ શ્રી રાહુલભાઈ ધાપા, બેસ્ટ ડીલ કેડેટનો એવોર્ડ શ્રી વીરભાઈ ડાંગર, બેસ્ટ એકેડમી કેડેટનો એવોર્ડ શ્રી અંજલિબહેન ત્રિવેદી, બેસ્ટ કેડેટ ૨૦૨૩નો એવોર્ડ શ્રી ડાભી મૈથીલીબહેનને પ્રાપ્ત થયેલ છે. તે સર્વોને સંસ્થા પરિવારવતી અભિનંદન.

૪. આ વર્ષે સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પ્રા.લી., પીડીલાઈટ ઇંડસ્ટ્રીજ લી. શ્રી સવજીભાઈ જાસોળીયા, માધાદાદા પરિવાર, અન્ય દાતાઓના આર્થિક સહયોગથી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા કેમ્પસ પર પરિમલ છાત્રાલયનું

નવિનીકરણ થયેલ છે.

## ૨૦૨૩-૨૪માં થયેલ પ્રવૃત્તિઓ

### વાર્ષિક ઉત્સવ

તારીખ- ૦૯-૦૧-૨૦૨૩ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારના સંયુક્ત વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન શિક્ષણવિદ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે સંસ્થાના દિવંગત નટવરલાલ બૂચ-બૂચદાદા'ની પૂણ્યતિથિ હોઈ તેમનું પાવક સ્મરણ કરાયું એ પછી મહાનુભાવોના હસ્તે પ્રારંભે દીપ પ્રાગટ્ય કરાયું હતું. આવકાર ઉદબોધન નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણે કરેલ.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટે નવી શિક્ષણનીતિમાં આ સંસ્થાના મૂલ્યોનો સમાવેશ થયાનો હરખ વ્યક્ત કર્યો. ૮૫ વર્ષ પૂરા કરતી આ વિરાસત શાળાનું કામ થયું, ઊગ્યું અને સમાજમાં વિસ્તર્યું હોવાનું જણાવ્યું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરુણભાઈ દવેએ આભારદર્શન વેળાએ જણાવ્યું કે અહીં આભારના બદલે આનંદ વ્યક્ત કરવો છે. બંને સંસ્થાના વિકાસ અંગે સંતોષ વ્યક્ત કરી હવે ઘણી ભૌતિક સુવિધા બાદ કૌશલ્ય અને સમાજકલ્યાણ માટે કાર્યરત રહેવાનો ભાવ જણાવ્યો. તેઓના હસ્તે ભદ્રાયુભાઈ વછરાજાનીને ચાદર અર્પણ કરાયેલ.

### ગૌ પૂજન

તારીખ- ૧૨-૧-૨૩ના રોજ ઉતરાયણ નિમિત્તે ગૌપૂજન અને ગૌશાળા સફાઈ કાર્યક્રમ લોકભારતીના ડૉ.વિક્રમભાઈની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિધાર્થીઓને પ્રસંગ અનુરૂપ ડૉ.વિક્રમભાઈએ વાતો કરી. પરિચય શ્રી ભાવેશભાઈ ડાંગરે આપેલ, આભાર શ્રી રાજેન્દ્રસિંહ વાળાએ કરેલ.

### વિજ્ઞાન મેળો

તારીખ-૧૮-૧૯-૧-૨૦૨૩ના રોજ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ગાંધીનગર પ્રેરિત , શિક્ષણ અને તાલીમ ભવન- ભાવનગર, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પંચાયત ભાવનગર કચેરી , ભાવનગર શિક્ષણસમિતિ તથા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા દ્વારા પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું વિભાગીયકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં ભાવનગર , બોટાદ , રાજકોટ , મોરબી , કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિભાવંત વિદ્યાર્થીઓ વિવિધ કૃતિઓ સાથે જોડાયા હતા.

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન પ્રારંભ કરાવતા લોકવૈજ્ઞાનિક શ્રી અરુણભાઈ દવેએ કહ્યું કે, નવી પેઢીને પ્રસન્નતા પ્રાપ્ત થાય તે વિજ્ઞાનની સાર્થકતા છે. અન્યથા એ વિનાશ પણ નોતરી શકે છે. વિજ્ઞાન ઝાકઝમાળને બદલે રોજિંદા જીવનમાં માણસ તરીકે જીવી શકીએ તેવું હોવું જરૂરી છે. આ માટે તેના માનવીય અભિગમ પર તેઓએ ભાર મૂક્યો. વિજ્ઞાન સંશોધન સંદર્ભે 'તાંત્રિકી અને રમકડા' વિષય પરના બે દિવસના આ પ્રદર્શનમાં મુખ્ય મહેમાન પૂર્વ સાંસદશ્રી રાજેન્દ્રસિંહ રાણાએ તેમના મનનીય ઉદબોધનમાં વિજ્ઞાન એ મિત્ર બનાવવાના બદલે કેટલાક દૂરુપયોગ અંગે રંજ વ્યક્ત કર્યો. વિજ્ઞાન સાથે ગણિત અને પર્યાવરણના આ વિષયને તેઓએ અનિવાર્ય ગણાવ્યો. વિદ્યાર્થીઓ માણસ તરીકે જીવી શકે અને યંત્રો હાવિ ન થઈ જાય તેવા વિજ્ઞાન માટેના અભ્યાસનો આગ્રહ વ્યક્ત કર્યો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી હિરેનભાઈ ભટ્ટે સ્વાગત ઉદબોધન કર્યું હતું, જ્યારે પ્રાસંગિક પરિચય સંસ્થાના આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટિયાએ આપતા અહીંના કેળવણી મૂલ્યો વિશે વાત કરી. ભાવનગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી શિશિરભાઈ ત્રિવેદી તથા શિક્ષણ વિભાગના શ્રી રમેશભાઈ ઉપાધ્યાય દ્વારા પ્રાસંગિક વાતો

કરી. ઉદઘાટન પ્રસંગે શ્રી દગાપરા શાળાના બાળકોએ રાસ ગરબાની સુંદર પ્રસ્તુતિ કરી હતી. આભારવિધિ પ્રાચાર્યશ્રી યાજુષીબહેન જોષીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની પલ્લવી સોલંકીએ કર્યું હતું.

**સંગીત સંધ્યા**

૧૮-૧-૨૩ના રોજ સંગીતસંધ્યાની મોજ સૌએ માણી. વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા ખાતે આયોજન થયું હતું. ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસની ઉપસ્થિતિ સાથે અહી સંગીત સંધ્યામાં નવાગામ માધ્યમિક શાળાના આચાર્યશ્રી અગરસંગભાઈ સોલંકી દ્વારા સુંદર ગાન રજૂ થયેલ . ધ્રુવભાઈ પંડ્યાની પણ પ્રસ્તુતિ રહી હતી. આ આયોજન સંકલનમાં જિલ્લાશિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી હિરેનભાઈ ભટ્ટ સાથે યાજુષીબહેન ભટ્ટ રહ્યા હતા. સંસ્થાના આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટિયા અને કાર્યકર્તા, વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

**પ્રકૃતિ શિક્ષણ શિબિર**

પ્રકૃતિ શિક્ષણ શિબિર અંતર્ગત ધોરણ-૧૧ની બહેનો સાંસણ(ગીર) મુકામે ત્રણ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જઈ આવ્યા. સાથે શ્રી રૂપાબહેન પટેલ માર્ગદર્શન તરીકે જઈ આવ્યા.

**૨૬ જાન્યુઆરી**

તારીખ-૨૬-૧-૨૩ના રોજ ગણતંત્રદિવસ નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રાથમિકશાળા અને લોકશાળાના વિધાર્થીઓએ પરેડ કરી સાંસ્કૃતિક કાર્યક્મ રજૂ કરેલ.

**એન.એસ. એસ. શિબિર**

તારીખ-૦૫-૦૨-૨૩ થી ૧૧-૦૨-૨૩ સુધી ભાવનગર શામળદાસ આર્ટસ્ કૉલેજના વિધાર્થીઓ એન.એસ.એસ. કેમ્પમાં આવેલ તેના ઉદ્ઘાટનમાં ભાવ.યુનિ.ના કુલપતિશ્રી ડૉ.એમ.એમ.ત્રિવેદી સાહેબ, સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ડૉ.અરુણભાઈ દવે, ભાવ.યુનિ.ના રજીસ્ટ્રારશ્રી કૌશિકભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતસિંહ ગોહિલની અધ્યક્ષતામાં યોજાઈ ગયેલ.

એન.એસ.એસ. કેમ્પનો સમાપન કાર્યક્રમ લોકભારતી યુનિ.ના કુલપતિશ્રી ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાની અધ્યક્ષતામાં યોજાયો હતો. અતિથિવિશેષમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, ભાવ.યુનિ.ના એન.એસ.એસ. સંયોજક શ્રી ડૉ. સ્ટેન્લીભણાત, સંસ્થાના નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ, સામાજિક આગેવાનશ્રી મેહુરભાઈ લાવતુકા હાજર રહેલ.

તારીખ ૧૫.૦૨.૨૩ થી ૨૧.૦૨.૨૩ દરમિયાન ધોરાણ -૧૧ના એન.એસ.એસ.ના સ્વયંસેવકની ''રોડ સેફ્ટી'' વિષય પર વાર્ષિક શિબિરિ શિહોર તાલુકાનાં વળાવડ મુકામે યોજાઈ હતી. તેમાં સંસ્થાના વડીલશ્રી લાલજીભાઈ નાકરાણીના અધ્યક્ષસ્થાને દીપ પ્રાગટ્ય કરી ઉદઘાટન કરેલ. અતિથિવિશેષ તરીકે ગામના સરપંચશ્રી સુરાભાઈ કરમટીયા, વળાવડ કન્યા વિધાલયના આચાર્યશ્રી અમિનભાઈ ચૌહાણ, વળાવડ પ્રાથમિકશાળાના આચાર્યશ્રી પદમાબહેન તથા દાતાશ્રી વિનુભાઈ મહેતા, બાબાભાઈ મહેતાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર શિબિર આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટીયા અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ગૌરાંગભાઈ વોરાના માર્ગદર્શનમાં યોજેલ.

**રેલી**

તારીખ ૧૪-૨-૨૩ થી ૧૯-૨-૨૩ સુધી થોરડી મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત શિક્ષણ સંગોષ્ઠિ (રેલી) ''કૃત્રિમ બુધ્ધિમતા'' (AI) વિષય પર યોજાએલ તેમાં ધોરણ ૦૯ના ૪૯ વિધાર્થી ભાઈઓ-બહેનો અને આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટીયા, શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી મહર્ષિભાઈ સોલંકી, કૈલાસબહેન ઓળકિયા જઈ આવેલ.

તા.૧૬-૨-૨૩ના રોજ રેલીમાં થોરડી મુકામે પૂ.મોરારિબાપુ પધારેલ આ પ્રસંગે 'ભારતકી સંતાન' કૃતિના અનુસંધાને આંબલાના વિધાર્થીઓએ ભારતના અલગ – અલગ રાજ્યોના વસ્ત્ર પરિધાન કરી પૂ.બાપુનું સ્વાગત કરેલ.

**શુભેચ્છા સમારંભ**

તારીખ-૨-૩-૨૩ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓનો શુભેચ્છા વિદાઈ સમારંભ ભૂતપૂર્વ શિક્ષણ નિયામકશ્રી નલિનભાઈ પંડિતની અધ્યક્ષતામાં યોજાઈ ગયેલ.

**વિશ્વ પર્યાવરણ**

તારીખ-૬ જૂનના રોજ અમારી સંસ્થામાં વિશ્વ પર્યાવરણદિનની ઉજવણી કરવામાં આવેલ. સંમેલનના અનુસંધાને અમારા વિજ્ઞાનના શિક્ષક નરેન્દ્રભાઈ મકવાણાએ પર્યાવરણ જાગૃતિ, સંરક્ષણ તથા પ્રદૂષણ નિવારણના ઉપાયો બતાવ્યા. વિદ્યાર્થીઓની કક્ષાએ સમજાય અને ઉપાય થઈ શકે એવી વાતો કરી. વિશ્વ પર્યાવરણ પર આજકાલ જે ઘાતક અસરો વર્તાઈ રહી છે. સાથે પર્યાવરણ બચાવવા વિશ્વમાં થતા પ્રયોગો વિષેની ફિલ્મ બતાવવામાં આવી. વિદ્યાર્થીઓને ખૂબ જ મજા આવી અને નવું જાણવા સમજવા માટેની પ્રેરણા પ્રાપ્ત થઈ.

**વિશ્વ યોગદિનઃ**

તારીખ-૨૧જૂન વિશ્વ યોગદિનના રોજ સવારમાં રાજ્ય સરકારના કાર્યક્રમ મુજબ સૌએ સમૂહમાં ટીવીના માધ્યમથી યોગ કરવામાં આવેલ. અમારી સંસ્થાના શિક્ષકશ્રી ગૌરાંગભાઈ વોરા દ્વારા આ દિવસે સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ યોગ, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર કરાવવામાં આવેલ. વ્યક્તિત્વ વિકાસ, યોગ-પ્રાણાયામ, અને મેડીટેશન વિશે માહિતી આપી તેના જીવનમાં થતા ફાયદા વિષે સમજ આપવામાં આવેલ.

**ગુરૂપૂર્ણિમા તથા વૃક્ષારોપણ**

આંબલામાં ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ સાયં પ્રાર્થનામાં જાણીતા શિક્ષકવિદ્ ડૉ.મનહરભાઈ ઠાકરનું પ્રસંગોચિત વકતવ્ય યોજાયું. જેમાં આપણી વૈદિક શિક્ષણપધ્ધતિ અને બુનિયાદી શિક્ષણ તેમજ નઈ તાલીમ દ્વારા માણસાઈના ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ વિકસાવવાની ગુરુચાવી થકી ઉતમ નાગરિકનો વિકાસ કરવાનું આચરણ સમજાવ્યું હતું. એ સંદર્ભે વ્યક્તિત્વવિકાસના પાસાઓ અને રાષ્ટ્રના વિકસિત વ્યકિતત્વોના ઉદાહરણો દ્વારા તેમનું સામાજિક પ્રદાન સ્પષ્ટ કર્યું હતું. આ કાર્યક્રમમાં સૌ કાર્યકરો અને વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

તા.૦૨ જુલાઈ-૨૩ને રવિવારે આપણી સાંસ્કૃતિક પરંપરા મુજબ ગુરુપૂર્ણિમાનું મહિમાગાન કરવામાં આવેલ. ગુરુપૂજન કર્યા બાદ આ દિવસે શિહોરના ગૌતમેશ્વર મહાદેવના મહંત પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી આવેલ. જેમણે ગુરુના મહિમા વિષે મનનીય વ્યાખ્યાન આપેલ. વિદ્યાર્થી તથા શિક્ષક ભાઈઓ-બહેનો દ્વારા પણ ગુરુમહિમા વિષે વાતો કરવામાં આવી. આ પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીને પાંચ-પાંચ વૃક્ષો એક વર્ષ માટે દત્તક આપવામા આવેલ. એક વર્ષ સુધી તે વિદ્યાર્થીએ તેની માવજત કરવાની જેમાં ખાતર, પાણી, રક્ષણ કરવાનું હોય છે. દરેક વિદ્યાર્થીઓ રસથી અને પ્રેમથી વૃક્ષોની સાર-સંભાળ કરતા હોય છે. વાવેલા દરેક વૃક્ષોનો ઉછેર થાય છે.

**વર્ષાસ્નાન**

અમારી સંસ્થાનો એક મજાનો કાર્યક્રમ વર્ષાસ્નાન છે. વરસાદમાં ન્હાવાનું કોને ન ગમે? બસ ત્યારે વરસાદમાં ન્હાવાની મજા લેવા માટે અમે સૌ જયારે વધુ સારો વરસાદ હોય ત્યારે વર્ગો બંધ રાખીને વરસાદમાં ન્હાવા પહોંચી જઈએ

છીએ. અમારી સંસ્થાની નજીકના ડુંગરમાં ગડ્બા નામના સ્થળ પર નાનો ધોધ પડે છે ત્યાં ડુંગરની હારમાળા વચ્ચે વરસાદમાં ભીંજાતા-ભીંજાતા ગીતો ગાતા, મસ્તી કરતા કરતા ગડ્બામાં ધૂબકા મારવા પહોચી જઈએ. સૌ આ ન્હાવાની મોજ કરતા વરસાદ અને કુદરતની લીલાનો આનંદ માણતા ધન્યતાનો અનુભવ કરીએ છીએ.

**સંગીત સંધ્યા**

તારીખ-૦૫-૦૭-૨૦૨૨નાં રોજ રાત્રે અમારી સંસ્થામાં સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં શ્રી જીતુભાઈ દ્વારા સંગીતની રમજટ બોલાવવામાં આવેલ. સાથે શ્રી ધ્રુવભાઈએ ગીટારની તર્જ પર સરસ મજાના ગીતો ગાયા. વિદ્યાર્થીઓ દ્વારા પણ ગીતો રજૂ કરવામાં આવ્યા. સૌને મજા આવી હતી.

**ભાવવંદના**

તારીખ ૯-૭-૨૩ના રોજ શ્રી વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના સંયુકત ઉપક્રમે ભાવવંદના પરિસંવાદ તથા સ્નેહમિલનનું આયોજન કરેલ. તેમાં કોયલના ટહુકાર અને વરસાદની ઝરમર સાથે સણોસરા લોકભારતીના વડીલોએ પકાવેલા ફળોનો આસ્વાદ સૌએ માણ્યો. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઋષિઓએ પ્રબોધેલા મૂલ્યો, વર્તમાન સમયમાં તેની વિશેષ પ્રસ્તુતતા અને સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ક્રિયાન્વયન સંદર્ભે લોકભારતી ગ્રામવિદ્યાપીઠના વડા શ્રી અરુણભાઈ દવેએ ટકોર કરી કે કેટલીકવાર કૃતિ કરતાં પણ તેનો વિચાર શ્રેષ્ઠ હોય છે. સંસ્થાના વિદ્યાર્થી કાર્યકર્તાઓએ તૈયાર કરેલા કામોનો સંતોષ જણાવી જ્યાં જ્યાં આ વિદ્યાર્થીઓ છે, ત્યાં ત્યાં લોકભારતી પહોચ્યાંનો ભાવ વ્યક્ત કર્યો. સાંપ્રત શિક્ષણ અને સમાજના પ્રવાહોમાં રહેલા કેટલાક પડકારો સામે આપણે હારવાનું નથી, થાકવાનું નથી. આમ તેનું પરિણામ સુંદર હોય જ છે.

લોકભારતી વિશ્વવિદ્યાલયના શ્રી વિશાલ ભાદાણીએ સંસ્થાના પૂર્વસુરીઓના સ્મરણ સાથે શિક્ષણ અને સામાજિક બાબતોમાં નવા આયામો પર ભાર મૂક્યો. સર્વોદય ચિંતન સાથે તેઓએ કહ્યું કે, કોઈ ન કરે તે કામ કરવું. આત્મપ્રેરણાથી કામ કરવું અને સેવાભાવથી કામ કરવું. પ્રકૃતિના પ્રવાહોમાં માણસે માલિક બનવાની વૃત્તિ રાખી જેમાંથી શોષણનું સર્જન થયું જે સામે સર્વોદય વિચારો જ ઉદ્ધારક છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી નટવરલાલ બૂચ સહિતના દાદા, ઋષિઓએ પ્રબોધેલા મૂલ્યો, વર્તમાનસમયમાં તેની વિશેષ પ્રસ્તુતતા અને સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ક્રિયાન્વયન સંદર્ભે આ પરિસંવાદ અંગે શ્રી પ્રવીણભાઈ ઠક્કરે પ્રાસંગિક વિગતો સાથે કહ્યું કે, આપની અભ્યાસપ્રવૃત્તિ એ ગુરુકુળપ્રણાલી છે જેમાં કામના છે, વાસના નહિ. તેઓએ અંતઃકરણ અને આત્મા અંગે પણ ચિંતન આપ્યું. ભાવવંદના પરિસંવાદ અને સ્નેહમિલન અંગે શ્રી દેવચંદભાઈ સાવલિયાએ તેમના સહજ પ્રાસ્તાવિકમાં લોકભારતીના વડીલ ગુરુજનોની કેળવણી માત્ર ભણતરરૂપે નહિ પણ જીવનની દિશા બતાવનાર રહ્યાનું જણાવ્યું. તેઓએ તેમની વિશ્વ વાત્સલ્ય માનવસેવા સંસ્થાની પ્રવૃત્તિ અંગે જણાવ્યું. દેવચંદભાઈએ લોકભારતી પરિવારના કાયમી એક મંચ માટે પણ અનુરોધ કર્યો. જેમાં વિવિધ સંસ્થાઓ અને ક્ચેરીઓમાં ઉત્કૃષ્ટ કાર્ય કરતાં પરિવારના વિદ્યાર્થી રહેલા મહાનુભાવો શ્રી ચૈતન્ય ભટ્ટ, શ્રી મુસ્તુખાન સુખ, શ્રી માવજી બારૈયા, શ્રી રવજી ગાબાણી, શ્રી રાઘવજી ડાભી, શ્રી ઋત્વિક મકવાણા, શ્રી બિંદુબા ઝાલા, શ્રી અમરસિંહ ગોહિલ તથા શ્રી વાસ્યાંગ ડાંગર દ્વારા તેમની પ્રસ્તુતિમાં લોકભારતીના શિક્ષણમૂલ્યોને વિવિધરીતે સમાજમાં વિસ્તારી રહ્યા છે, તેના સંઘર્ષમય છતાં ઊર્જાસભર પ્રેરક અને રસપ્રદ અહેવાલ આપ્યા. પ્રારંભે સંસ્થાના આચાર્યશ્રી વાઘજીભાઈ કરમટિયાએ સ્વાગત ઉદબોધન સાથે અહિયા થયેલા આયોજન માટે હરખ વ્યક્ત કર્યો. આ જ રીતે સંસ્થાના નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણે આ કાર્યક્રમની મહત્તા અંગે આનંદ સાથે આભાર વ્યક્ત કરેલ. સંચાલનમાં શ્રી નરેન્દ્રભાઈએ પણ સંસ્થાનો પૂરક મહિમા વર્ણવતા રહ્યા હતા. વિશ્વ વાત્સલ્ય માનવસેવા સંસ્થા-બગસરા

અને ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં મોજીલી પ્રાથમિકશાળાના બાળકો દ્વારા સુંદર રાસ રજૂ થયેલ. સંસ્થાના સંગીતવૃંદ દ્વારા પણ સુંદર ભાવગીતો રજૂ થયેલ. આયોજન સંકલનમાં શ્રી મહેન્દ્ર પાથર તથા શ્રી ગૌરાંગ વોરા સહિત ગ્રામદક્ષિણામૂર્તિ પરિવાર રહેલ.

**વિશ્વ સિંહદિવસ**

તારીખ-૧૦-૦૮-૨૦૨૩નાં રોજ વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમા અમારી સંસ્થાના વિજ્ઞાનશિક્ષક શ્રી નરેન્દ્રભાઈએ વિશ્વ સિંહદિવસના મહત્ત્વ વિષે વાતો કરી અને તેની ફિલ્મ પણ બતાવવામાં આવી. સાથે-સાથે સિંહના મહોરા પહેરીને રેલીનું આયોજન પણ કરાવવામાં આવેલ. જેનાથી વિદ્યાર્થીઓમાં સિંહનાં રક્ષણ અને પર્યાવરણના મહત્ત્વ વિષેની જાગૃતિ આવે.

**એન.સી.સી.**

તારીખ-૧૧-૮-૨૩ થી તારીખ ૨૦-૮-૨૩ દરમિયાન આંબલાના નેવી એન.સી.સી. યુનિટના વિધાર્થી ભાઈઓ-બહેનો સિદસર મુકામે વાર્ષિક તાલીમમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી મહર્ષિભાઈ સોલંકી, શ્રી ભેરુભાઈ કરમટીયા સાથે જઈ આવેલ. કેમ્પમાં વિધાર્થીઓને ફાઇરિંગ, બોટિંગ, ડ્રિલ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગેમ્સની તાલીમ આપવામાં આવેલ.

**પં.સુખલાલજી વ્યાખ્યાનમાળા મણાર**

તારીખ-૧૧-૦૮-૨૩ના રોજ મણાર મુકામે સ્વ. મૃદુલાબહેન પ્ર. મહેતા પ્રેરિત પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના ૩૧માં મણકામાં ધોરણ ૦૯ થી ૧૨ના વિધાર્થી ભાઈઓ-બહેનો તથા કાર્યકર પરિવાર જઈ આવેલ. શ્રી હીરજીભાઈ નાકરાણીએ "કેળવણીમાં છાત્રાલય જીવનનું મહત્ત્વ" વિષય પર મનનીય વક્તવ્ય આપેલ. આ સાથે અલંગ શીપ બ્રેકિંગ યાર્ડની મુલાકાત લીધેલ અને વિધાર્થીઓને માહિતગાર કરેલ.

**૧૫ મી ઓગષ્ટ**

તારીખ-૧૫-૮-૨૩ના રોજ ૭૭માં સ્વાતંત્રતાદિનની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે માજી સૈનિક શ્રી વિરેન્દ્રસિંહ લહેરૂભાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ધ્વજવંદન બાદ પરેડ, લેજીમ, ગરબા, રાસ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા અને મોજીલીશાળાના વિધાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ. સાથે સરકારી પ્રાથમિકશાળાના વિધાર્થીઓએ પણ કૃતિઓ રજૂ કરી. આ પર્વની ઉજવણીમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રી મુકેશભાઇ રાઠોડ, તાલુકા સદસ્ય પ્રતિનિધિ શ્રી સવજીભાઈ, સરપંચશ્રી તથા સદસ્યો શ્રી અમિતભાઈ લવતુકા, ગામના શ્રેષ્ઠી તેમજ વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

**ખજાનાની શોધ**

તારીખ-૨૭-૦૮-૨૦૨૩ ના રોજ ખજાનાની શોધ કાર્યક્રમ રાખવામાં આવેલ. ડુંગરની પ્રકૃતિની મોજ માણતા-માણતા ખજાનાની શોધમાં સૌ વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તા ટુકડી પ્રમાણે જે નિશાની કરવામાં આવી હોય તે નિશાનીએ નક્કી કરેલ સ્થળ પર પહોચાવાનું હોય છે. આ રીતે દરેક ટુકડી પ્રમાણે ડુંગરાઓ ખુંદતા ખુંદતા, પ્રકૃતિને માણતા, ગીતો ગાતા, ગરબા રમતા, ખજાનાની મોજ માણતા, ઔષધીઓને ઓળખતા અને સાહસિકવૃત્તિ ને કેળવતા સૌ ૫-૭ કિલોમીટર ડુંગરાઓ ખુંદતા નક્કી કરેલ સ્થળ પર પહોચતા. આ વર્ષે બોરાડીધાર (સોનગઢ) મંદિર સ્થળ રાખવામાં આવેલ. ત્યાં પહોચીને વનભોજન કરીને સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ.આ વખતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ જોડાયા અને પોતાના ભૂતકાળના અનુભવોને વાગોળ્યા.

**રક્ષાબંધન**

તારીખ-૩૦-૮-૨૩ને બુધવારે રક્ષાબંધનની ઉજવણી પરંપરાગત રીતે ઉજવવામાં આવી જેમાં નવ નિયુક્ત DYSP શ્રી મનીષાબહેન દેસાઈના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ ઉજવાયો. શ્રી મનીષાબહેને સંસ્થાની આગવી વિશેષતાઓ તથા પૂ.નાનાભાઈનો સમર્પણભાવ, આ દેશને શિક્ષણમાં તેમનું યોગદાન અને બાળકોને પ્રેરણાત્મક વાતો કરી હતી. આ કાર્યક્રમમાં આ. શ્રી લાલજીદાદા પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌ લોકશાળા પરિવારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી. મોજીલી શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રાસ – ગરબા કરી સૌને મજા કરવી હતી.

**સ્વયં શિક્ષકદિન**

તારીખ-૧૪,સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં આચાર્ય, શિક્ષક, વિભાગ પ્રમાણે વહીવટી કાર્યકર્તાઓની વિદ્યાર્થીઓમાંથી નિમણૂક કરવામાં આવેલ. દિનચર્યા તથા વર્ગોની ગોઠવણી કરવામાં આવેલ. આયોજન મુજબ આખો દિવસ સરસ કાર્યક્રમો રહ્યા. વર્ગ શિક્ષણકાર્ય પણ વિદ્યાર્થીઓએ સરસ રીતે સમ્પન્ન કર્યું.

**તાલીમ**

તારીખ-૧૩/૧૪/૧૫ના રોજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન- ભાવનગર દ્વારા પર્યાવરણ પાઠય પુસ્તક સમીક્ષા તથા પર્યાવરણ સામાયિક મૂલ્યાંકન પ્રશ્નબેન્ક અંગે સંસ્થામાં ત્રણ દિવસનો કાર્યક્રમ યોજાઈ ગયેલ તેમાં ૩૪ તજજ્ઞો આવેલ.

**વાલી સંમેલન**

તારીખ-૨૮-૯-૨૩ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા અને મોજીલી પ્રાથમિકશાળાના સયુંકત ઉપક્રમે મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને તેમજ સંસ્થાના પૂર્વ નિયામકશ્રી લાલજીભાઈ નાકારણી, નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણના અતિથિવિશેષ પદે વાલી મિટિંગ યોજાઈ ગઈ. તેમાં વિધાર્થીઓએ સંસ્થામાં મેળવેલ જીવનના ભાથા અને જીવનકૌશલ્ય વિષે વાત કરી હતી. જ્યારે વાલીઓએ પોતાના સંતાનોને અહિ ભણાવવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. મોજીલું શિક્ષણ લેતા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાના કૌશલ્યો રજૂ કરી સૌને આનંદ આપ્યો હતો.

**લોકાર્પણ**

તારીખ-૨૧/૧૦/૨૩ને શનિવારના રોજ સિરમ કંપની પૂના તરફથી જે ૩૦ લોકશાળાને આર્થિક સહાય આપવામાં આવેલ તેનો અનાવરણ કાર્યક્રમ ઓનલાઈન યોજાયો. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામદક્ષિણમૂર્તિ આંબલા ખાતે લોકભારતીના કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી તથા સંસ્થાના પૂર્વ ઉપ નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ હાજર રહેલ. શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે પરિમલ છાત્રાલયનું અનાવરણ કરવામાં આવેલ. આ ઓનલાઈન કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા, સિરમ ઇન્સ્ટીટ્યુટના શ્રી અદર પુનાવાલા, લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિના મેને. ટ્રસ્ટીશ્રી ડૉ. અરુણભાઈ દવે આઇટુવીના શ્રી ડૉ.અમિતભાઈ શાહ, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી નિરવભાઈ દવે જોડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ કરેલ. પ્રાર્થના હળપતી સેવા સંઘ, હલધરુંના બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત શ્રી નિરવભાઈ દવેએ કરાવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી ડૉ. અરુણભાઈ દવએ કરેલ. થયેલ કામનો અહેવાલ અને પ્રેઝન્ટેશન ડૉ. અનામિકભાઈ શાહ, આઈટુવી. એ કરેલ. અહેવાલનું વિમોચન માનનીયશ્રી અદર પુનાવાલા દ્વારા કરવામાં આવેલ. પ્રતિભાવો જુદી જુદી લોકશાળાના ટ્રસ્ટીશ્રીઓ તથા વિધાર્થીઓએ આપેલ. મુખ્ય વક્તવ્ય આ. શ્રી પુનાવાલાએ આપેલ અને અધ્યક્ષીય ઉદબોધન મંત્રીશ્રી

મનસુખભાઈ માંડવિયાએ આપેલ. આભારવિધિ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ કરેલ.

**પ્રવાસ**

તારીખ- ૨૪/૧૦/૨૩ થી તા.૨/૧૧/૨૩ સુધી ૧૧ દિવસ ૭૫ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા ૬ કાર્યકરો રેલવે દ્વારા દક્ષિણભારતના પ્રવાસે જઈ આવેલ. તેમાં કેરળના સ્થળો અર્નાકુલમ, એલ્લપી, ત્રિવેન્દ્રમ તથા કન્યાકુમારી, મદુરાઈ, રામેશ્વરમ, તિરુપતિ, હેદ્રાબાદ,રામોજી ફિલ્મ સીટી વગેરે સ્થળોની મુલાકાત લીધી.આ પ્રવાસમાં એક વિદ્યાર્થી પ્રમાણે કુલ ખર્ચ રૂ.૬૫૦૦/- આવેલ. શ્રી વાઘજીભાઈ, ગૌરાંગભાઈ, નરેન્દ્રભાઈ, દીપકભાઈ,નીમાબહેન સાથે જોડાયા.

બીજો પ્રવાસ તા.૩૧/૧૧/૨૩ થી તા. ૪/૧૨/૨૩ સુધી નરારા બેટ (જામનગર), દ્વારકા, સોમનાથ, દેવળિયાપાર્ક વગેરે સ્થળોએ કુલ ૬૪ વિદ્યાર્થીઓ તથા ૦૪ કાર્યકરોએ મુલાકાત લીધી જેમાં કુલ રૂપિયા ૧૫૦૦ - ખર્ચ આવેલ. ત્રીજો પ્રવાસ કુલ ૮૦ વિદ્યાર્થીઓ તથા ૦૨ કાર્યકરો સારંગપુર જઈ આવ્યા

**એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ**

તારીખ ૬/૧૧/૨૩ થી તા.૮/૧૧/૨૩ ત્રણ દિવસીય જી.સી.આર.ટી. ગાંધીનગર પ્રેરિત શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગર આયોજિત 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦' અંતર્ગત ભાવનગર જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશાળાના કાર્યરત શિક્ષકોએ બાળકોના બહુવિધ વિકાસ માટે કરેલ "નવતર પ્રયોગો" ના પ્રચાર-પ્રસાર માટે ભાવનગર જિલ્લાકક્ષાનો 'એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૩-૨૪'નું આયોજન કરેલ. આ પ્રદર્શનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી રૈયાબહેન મિયાણી-પ્રમુખ, જિલ્લા પંચાયત ભાવનગર, શ્રી કમુબહેન ચૌહાણ-ચેરપર્સન, જિ. શિ. સમિતિ - ભાવનગર. ડૉ. શિશિરભાઈ ત્રિવેદી-ચેરમેન, નગર પ્રા.શિ.સમિતિ – ભાવનગર. શ્રી રાજદિપસિંહ જેઠવા - ડે.ચેરમેન પ્રા.શિ. સમિતિ- ભાવનગર. ડૉ. અરૂણભાઈ દવે-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી લોકભારતી-સણોસરા. શ્રી મુકેશભાઈ રાઠોડ - સદસ્ય જિલ્લાપંચાયત ભાવનગર મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ ઇનોવેશનમાં જિલ્લાના ૩૫ શિક્ષકોએ પોતાનું ઇનોવેશન રજૂ કરેલ. આ પ્રદર્શનોનો લાભ જિલ્લામાંથી અંદાજે ૮૦૦ શિક્ષકોએ લીધો હતો.

**સ્નેહ મિલન**

તારીખ ૧૪/૧૧/૨૩ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલામાં નૂતનવર્ષની પ્રભાતે સંસ્થાના માર્ગદર્શકો શ્રી લાલજીદાદા, શ્રી અરુણભાઈ, શ્રી ફાજલભાઈ, શ્રી મેહુરભાઈ લાવતુકાની ઉપસ્થિતિમાં ગામના વડીલો, આગેવાનો અને વાલીઓ તથા સંસ્થાના કાર્યકરોનું સ્નેહમિલન યોજાયું. સહુએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી નવાવર્ષનુ સ્વાગત કર્યું હતું.

**આનંદ બજાર**

તારીખ-૧૮-૦૯નાં રોજ અમારી શાળામાં આનંદ બજારનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખાણી-પીણીનાં સ્ટોલ રાખવામાં આવેલ. જેમાં પાઉંભાજી, દાબેલી, વડાપાઉં, કુંભણી ભજીયા, પકોડા, સમોસા, પાણીપુરી, ભેળ, ખજૂર દૂધ, સરબત, ફ્રુટસલાડ, બટેટા ભૂંગળા,રાજસ્થાની કચોરી, લાઇવ ઢોકળા વગેરે સ્ટોલ રાખવામાં આવેલ. સૌ વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ, વાલીઓએ આનંદ બજારનો લાભ લીધેલ.

**શિશુવિહાર કાર્યક્રમ**

ભાવનગરની શિશુવિહાર સંસ્થા અંતર્ગત શ્રી ગાંધી મહેન્દ્ર ચતુર્ભુજ સંસ્થા દ્વારા કન્યા કેળવણી પુરસ્કાર અર્પણ કાર્યક્મનું આયોજન કરવામાં આવેલ,જેમાં દસ લોકશાળાના દસ-દસ બહેનો તથા કાર્યકરો આવેલ. લોકભારતી યુનિ.ના વડા શ્રી રાજુભાઈ ખીમાણીએ અધ્યક્ષીય વ્યાખ્યાન આપેલ.

**રામકથા**

તારીખ-૩૦/૧૨/૨૩ થી તારીખ-૦૭/૦૧/૨૪ સુધી લોકભારતીમાં નવ દિવસીય રામકથામાં યોજાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને નઈ તાલીમ સંગોષ્ઠી કાર્યક્રમમાં માધ્યમિક શિક્ષણ વિભાગમાં શ્રી વાઘજીભાઈ આચાર્યએ સંગોષ્ઠિ વિષય અનુરૂપ વાતો કરી. સૌ વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ કથાનો લાભ લીધેલ. રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આપણા વિદ્યાર્થીઓ દ્વારા રાસ તથા શ્રવણ નૃત્યનાટિકા રજૂ કરવામાં આવેલ. શ્રી ભરતભાઈ, શ્રી મહાશંકરભાઈ તથા શ્રી નરેન્દ્રભાઈએ વિદ્યાર્થીઓને તૈયાર કરેલ.

- નવ નિયુક્ત ડી. ઈ. ઓ. શ્રી પઢેરિયા સાહેબ પ્રાર્થના અનુસંધાને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વાતો કરી. સાથે આચાર્ય સંઘના પ્રમુખશ્રી ગોવિંદભાઈ બતાડા તથા શ્રી પટેલ સાહેબ આવેલ.
- ચંદ્રયાન-૩ ના પ્રસ્થાપણ વિષે શ્રી નરેન્દ્રભાઈએ સંમેલનમાં વાતો કરી તથા જીવંત પ્રસારણ બતાવવામાં આવેલ.
- વ્યવસ્થાપક મંડળની બેઠક વખતો વખત મળી જેમાં જરૂરી નીતિવિષયક નિર્ણયો કરવામાં આવેલ.
- લોકશાળા સંઘની મિટિંગ સમયાંતરે મળતી રહી.
- વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસણી સમયાન્તરે કરવામાં આવેલ જેમાં સોનગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટરોએ સેવા આપેલ.

**સંસ્થાના કાર્યકર્તા**

- પ્રવાસી શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી હેતલબહેન યોજના બંધ થતા ફરજ પરથી મુક્ત થયેલ છે.
- સરકારશ્રીની જ્ઞાનસહાયક યોજના હેઠળ માધ્યમિકમાં હિન્દી-ગુજરાતી વિષયની ખાલી પડેલ જગ્યા પર શ્રી પૂજાબહેન બારૈયા હાજર થયેલ છે.

**સંસ્થાના કાર્યકરોની મુલાકાત**

- તા.૨૮-૨ ના રોજ આચાર્ય સંઘની મિટિંગમાં શ્રી વાઘજીભાઈ લોકભારતી જઈ આવ્યા.
- તા. ૦૪ થી ૦૬ માર્ચ મહિનામાં ત્રણ દિવસ શ્રી વાઘજીભાઈ આચાર્ય સંઘના સેમિનારમાં ભોજદે(ગીર) મુકામે તથા શ્રી ગૌરાંગભાઈ એન.એસ.એસ.તાલીમમાં અને શ્રી ભગવાનભાઈ તથા શ્રી વિક્રમભાઈ વહીવટી તાલીમમાં જૂનાગઢ જઈ આવ્યા.
- ૨૦ બહેનો સાથે શિશુવિહાર સંસ્થામાં અને સાઈન્સ સેન્ટર -ભાવનગર ખાતે આયોજિત બહેનોને સહાય કાર્યક્રમમાં શ્રી રૂપાબહેન અને શ્રી નીમાબહેન જઈ આવ્યા.
- ૨૨-૭ ના રોજ GCRTE- ગાંધીનગર ઈન્સ્પાયર એવોર્ડના ટીચર ઓરિએન્ટેશન સેમિનારમાં શ્રી નરેન્દ્રભાઈ ભાવનગર જઈ આવ્યા.
- શ્રી રાજુભાઈ વાળા દુબઈ પ્રવાસે જઈ આવ્યા.
- સંસ્થાના કાર્યકરો તા. ૨૯-૧૧ ના રોજ ભૂતનાથ મહાદેવ મહુવા ખાતે પુ. બાપુની રામકથામાં જઈ આવ્યા.
- તારીખ-૧૦-૧૧ થી તારીખ-૨૯-૧૧ સુધી ૨૨ દિવસ મણિપુરમાં થયેલ હિંસામાં સપડાયેલ લોકોના રાહત કેમ્પમાં બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિ કરવા માટે વિશ્વગ્રામના સાથીઓ સાથે મણીપુર (ઇમ્ફાલ)ખાતે શ્રી ગૌરાંગભાઈ વોરા તથા ભારતીબહેન વોરા જઈ આવ્યા.
- લોકશાળા સંઘ દ્વારા યોજાયેલ સંગીતશિબિરમાં શ્રી ભરતભાઈ દવે વિદ્યાર્થીઓ સાથે મણાર મુકામે જઈ આવ્યા.
- લોકશાળા સંઘ દ્વારા યોજાયેલ વ્યાયામશિબિરમાં શ્રી સુરેશભાઈ વિદ્યાર્થીઓ સાથે જઈ આવ્યા.

**મોજીલું શિક્ષણ આપતી શાળા**

● ૨૮-૨ ના રોજ મોજિલા શિક્ષણ પ્રોજેક્ટ અંતર્ગત બોડેલી પ્રા.શાળામાં વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી કેતનભાઈ જઈ આવ્યા.

● ૧૭-૦૨ ના રોજ વળાવડ મુકામે એન.એસ.એસ. શિબિર દરમિયાન વળાવડ પ્રા.શાળાના બાળકોને મોજિલા પ્રોજેક્ટ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો કરવામાં આવેલ.

● બોટાદ મુકામે જિલ્લા વ્યાયામ શિક્ષકોની તાલીમમાં મોજિલા પ્રા,શાળાના બાળકો દ્વારા રાસકૃતિ રજૂ કરવામાં આવેલ.

● મોજિલા પ્રોજેક્ટના કાર્યકરો બગસરા શિબિરમાં જઈ આવ્યા.

**સંસ્થા મુલાકાત**

● પીડીલાઈટ કંપનીમાંથી વર્ષ દરમ્યાન ચાર વખત અલગ અલગ ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ. સંસ્થાની પ્રવુત્તિઓ જોઈને સંતોષ વ્યક્ત કર્યો.

● બે દિવસ માટે મહેસાણા જિલ્લાની પ્રા.શાળાના ૫૬ જેટલા શિક્ષકો શૈક્ષણિક એક્સપોજર મુલાકાત માટે આવી ગયા.

● 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં' પ્રસિદ્ધ ટીવી. સીરીયલના કલાકાર શ્રી નીતિનભાઈ દેસાઈ સંસ્થા મુલાકાતે આવી ગયા અને વિદ્યાર્થીઓ સાથે વાતો કરી.

● ૨૨-૨૩ના વર્ષ માટે શ્રેષ્ઠશાળા તપાસ સમિતિ સંસ્થા મુલાકાતે આવી ગઈ.

● 'ભારત કી સંતાન' નૃત્ય નાટિકા તૈયાર કરવા માટે આંતરભારતીય સંસ્થા મહારાષ્ટ્રથી શ્રી નરેન્દ્રભાઈ પાંચ દિવસ માટે આવી ગયા.

● દિલ્લીથી પન્નાબહેન રસિકલાલ હેમાણી અને જયપુરથી દક્ષાબહેન પીનાકીનલાલ સોદાગર આવેલ, જેમણે સાંજની પ્રાર્થનામાં વાતો કરી.

● માંડવી કચ્છથી માનસી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી લીલાધરભાઈ ગડા તથા તેમના સાથી મિત્રો સંસ્થા મુલાકાતે આવી ગયા,સંસ્થાની પ્રવૃત્તિથી ખુશ થઈ રૂપિયા ૧૧૦૦૦/-ભેટ આપેલ.

● ઈન્ફોરમલ શાળા ચલાવાતું ૪૦ વ્યક્તિઓનું ગૃપ નાના બાળકો તથા વાલીઓ સાથે ભાવનગરથી આવેલ,જેમની સાથે ડૉ.અમિતભાઈ પટેલ તથા ડૉ. અશ્વિનભાઈ પટેલ આવેલ.

● પ્રાર્થના અનુસંધાને શ્રી પાર્થેશભાઈ પંડ્યા દ્વારા મણીપુર હિંસા વિષે વાતો કરવામાં આવેલ.

● શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ ભાવનગરથી પંદર મહેમાનો સાથે પ્રાર્થનામાં જોડાયા.

● ભાવનગર ખાતે આવેલ શિશુવિહાર સંસ્થાના દાતાશ્રી દિનેશભાઈ એ.શાહ, અમદાવાદથી શ્રી ભરતભાઈ કોઠારી તથા ભાગ્યવંતીબહેન,મુંબઈથી શ્રી વી.એન.શાહ તથા શાંતાબહેન આવેલ જેમણે મોજીલી પ્રા.શાળાના બાળકોને સ્કૂલબેગ તથા સ્ટેશનરી કીટ ભેટ આપેલ.

● જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભાવનગર દ્વારા પર્યાવરણ પાઠયપુસ્તક સમીક્ષા તથા પર્યાવરણ સામયિક મૂલ્યાંકન પ્રશ્નબેંક અંગે ૩૪ તજજ્ઞ દ્વારા ત્રણ દિવસીય કાર્યક્રમ રાખવામાં આવેલ.

● પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર સી.ઈ.ઈ. અમદાવાદથી શ્રી જાગૃતિબહેન દવે યુનેસ્કોના પ્રોજેક્ટ માટે સંસ્થા મુલાકાતે

આવેલ. જેમના રીપોર્ટની નોંધ યુનેસ્કોના વાર્ષિક રીપોર્ટમાં થઈ અને જે દુનિયાના ૮૦ દેશો સુધી પહોચી.

● સોનગઢ પોલીસ સ્ટેશનમાં નવનિયુકત પોલીસ ઓફિસર શ્રી મનીષાબહેન દેસાઈએ વિદ્યાર્થીઓને 'જાતીય શિક્ષણ' અંગે સંમેલન અનુસંધાને વાતો કરી.

● વાત્સલ્યધામ માલપરાના આચાર્ય- કાર્યકર ૨૫ વિદ્યાર્થી સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.

● ગુજરાતી ફિલ્મના જાણીતા લોકગાયક શ્રી પ્રફુલ્લભાઈ દવે તથા તેમના દીકરા હાર્દિકભાઈ દવે સંસ્થા મુલાકાતે આવી ગયા.

● પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર જસદણ તાલુકાના ૫૫ ખેડૂત ભાઈઓ-બહેનો આંબલા ગામમાં સજીવ ખેતી કરતા ખેડૂતોની મુલાકાતે આવી ગયા.

**પૂર્વ વિદ્યાર્થી તથા પૂર્વ કાર્યકરોની મુલાકાત**

જેમની યાદી આ મુજબ છે ....

રાઈપુર છત્તીસગઢથી નંદલાલભાઈ બેચરભાઈ ટાંક, ધીરુભાઈ ઘેવારીયા, બારડોલીથી મુકેશભાઈ શાહ તથા શ્રીમતી બિંદુબહેન શાહ, અક્ષયભાઈ રામાનુજ, રમેશભાઈ વિરમગામી, યોગેશભાઈ ત્રિવેદી, અમિતભાઈ જાદવાણી, ભાવનગરથી તેજલબહેન તથા મંદાકિનીબહેન, ઉનાથી ઉકાભાઈ વઘાસીયા, રાજકોટથી મહેન્દ્રભાઈ, શ્યામભાઈ પધારેલ અને સંસ્થાની સુઘડતા અને વ્યવસ્થા જોઈને પ્રભાવિત થયેલ.

**લોકશાળાઃ વિદ્યાર્થીઓની સંખ્યાઃ**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૦૯ | ૩૬ | ૩૦ | ૬૬ |
| ૧૦ | ૨૬ | ૧૫ | ૪૧ |
| ૧૧ | ૩૬ | ૧૫ | ૫૧ |
| ૧૨ | ૩૭ | ૧૬ | ૫૩ |
| કુલ | ૧૩૫ | ૭૬ | ૨૧૧ |

**શાળાનું પરિણામ માર્ચ-૨૦૨૩ ધોરણ-૧૦ પરિણામ**

| કુલ સંખ્યા | | | પાસ | | | નાપાસ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૩૦ | ૨૭ | ૫૭ | ૩૦ | ૨૬ | ૫૬ | ૦૦ | ૦૧ | ૦૧ | ૯૮.૨૪% |

**માર્ચ-૨૦૨૩ ધોરણ-૧૨ પરિણામ**

| કુલ સંખ્યા | | | પાસ | | | નાપાસ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૩૦ | ૨૪ | ૫૪ | ૩૦ | ૨૩ | ૫૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૯૮.૨૪% |

**ગૌશાળાઃ છાસ કેન્દ્ર**

- આંબલા ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૬ લિટર છે.
- હાલમાં સંસ્થાઓમાં ચાફકટરનો ઉપયોગ કરવામાં આવે છે.
- સંસ્થાઓમાં દૂધ વધે ત્યારે ઘી બનાવવામાં આવે છે. જે વિતરણ કરતાં તેની માંગ વધેલ છે.

**આંબલા ગૌશાળામાં હાલ નીચે પ્રમાણે પશુઓ છે.**

| ક્રમ | પશુની વિગત | આંબલા |
|---|---|---|
| ૧ | દૂઝણી ગાય | ૦૭ |
| ૨ | ગાભણી ગાય | ૦૬ |
| ૩ | ધાવતા વાછરું | ૦૪ |
| ૪ | વોડ્કા | ૧૧ |
| ૫ | ગોધલા | ૦૦ |
| ૬ | બળદ | ૦૦ |
| ૭ | ખૂંટ | ૦૨ |
|  | કુલ | ૩૦ |

● આંબલામાં સરકાર તરફથી મુખ્યમંત્રી પશુ પોષક આહાર યોજના અંતર્ગત આપણી ગૌશાળાની નોધણી કરવામાં આવેલી તેના પ્રમાણે સરકાર તરફથી રૂપિયા ૮૫,૫૬૦/- મળેલ તેના લીધે ગૌશાળાની ખોટ રહેલ નથી.

● સંસ્થાઓમાં ગૌશાળા અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળામાં બે માસ દરમિયાન મફત છાસ કેન્દ્ર ચલાવવામાં આવ્યા. જેમાં આંબલામાં બે કેન્દ્રમાં કુલ ૨૨૫ અને મણારમાં ત્રણ કેન્દ્રમાં કુલ ૨૫૦ શ્રમિક પરિવારે તેનો લાભ લીધો હતો.

**ખેતી-બાગાયત**

- પ્રાયોગિક ખેતીમાં આ વર્ષે કપાસ, તલનું ઉત્પાદન કરી વિધાર્થીઓએ ઘાણી અંગે પ્રેકટીકલ માર્ગદર્શન મેળવ્યું.
- આ વર્ષે વરસાદ સારો થવાથી છેટીવાડીએ કપાસ, લીંબુ, ઘઉં, ચણા, જામફળનો ઉતારો સારો રહેલ છે.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ નર્સરી વિભાગના આંબા, ચીકુનો ઈજારો આપવામાં આવેલ.
- નર્સરી વિભાગની પડતર જમીન ગૌશાળાને લીલોચારો કરવા માટે આપેલ. જેના કારણે બહારથી લીલોચારો ઓછો ખરીડવો પડ્યો.
- નર્સરી વિભાગના આંબા અને લીંબુની વચ્ચે ખાલી જગ્યામાં કપાસ, ઘઉં, અને ચણાનું વાવેતર કરવામાં આવેલ હતું.
- આમ આંબલા ખેતીનું પરિણામ ખૂબ જ સારું રહેલ.

**મોજીલું શિક્ષણ પ્રોજેકટ**

પીડીલાઈટના આર્થિક સહયોગથી આંબલા તથા મણારમાં મોજીલું શિક્ષણ પ્રોજેકટ ચાલે છે. પ્રાથમિકશાળાના ધોરણ-

૦૬ થી ૦૮ના વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ અને સ્વાનુભવ દ્વારા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી શીખે તથા ગામડાંઓના લોકોમાં કેળવણી થાય તે માટે તળાજા તાલુકાની ૪૪ ગામની ૪૪ શાળામાં તથા શિહોર તાલુકાનાં ૪૪ ગામની ૪૪ શાળામાં આ પ્રોજેકટ ચાલે છે. હાલમાં આ પ્રોજેકટમાં આંબલા – મણાર એમ બંને સંસ્થાઓમાં થઈ ચાર કાર્યકરો નિયમિત રીતે ઉપરોક્ત ગામડાંની પ્રાથમિકશાળામાં જઈ નક્કી થયેલ કાર્યક્રમ વિદ્યાર્થીઓને મોજથી શિક્ષણ આપે છે.આ પ્રોજેકટમાં બંને સંસ્થાઓના થઈ ૮૮ ગામના ધોરણ ૦૬ થી ૦૮ના કુલ ૩૧૪૫ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. આ પ્રોજેકટ અંતર્ગત તેના કાર્યકરોની દર ત્રણ માસે લોકભારતી દ્વારા વિવિધ સ્થળોએ તાલીમ યોજવામાં આવે છે. જે તાલીમ પ્રમાણે બંને સંસ્થાઓમાં થઈ કુલ ૮૮ શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**ગૃહ વિજ્ઞાન**

- બંને સંસ્થાઓમાં ગૃહવિજ્ઞાનની બહેનો અનેક વાનગીઓ બનાવતા, શિવણકામ, ભરતકામ કરતાં શીખે છે.
- આંબલાની બહેનો દ્વારા બનાવેલ ખાદીના થેલા, પર્સ, ફાઇલનું બહાર મેળામાં જઈ વેચાણ કરવામાં આવે છે. આ તાલીમથી તેઓ પોતે સ્વનિર્ભર થવાની તાલીમ મેળવે છે.

**રસોડા વિભાગ**

- બંને સંસ્થાઓમાં રસોડા ચાલે છે. સંસ્થાના મૂલ્યો અને જીવનલક્ષી શિક્ષણમાં છાત્રાલયની જેમ રસોડાનું પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે.
- બંને સંસ્થાઓમાં દર પૂનમના રોજ સમૂહભોજન રાખવામાં આવે છે. આ ઉપરાંત તહેવારના દિવસે મહાભોજનનું પણ આયોજન થયું હતું.

**પુસ્તકાલય વિભાગ**

- બંને સંસ્થાઓમાં પુસ્તકાલયમાં ત્રણ પ્રકારની વાંચન સામગ્રી વસાવવામાં આવેલ છે.
- દૈનિક-વર્તમાન પત્રો, સામાયિક, પુસ્તકો.
- આ પુસ્તકાલયનો વિદ્યાર્થી તથા કાર્યકર્તાઓ લાભ લે છે.

**કોડિયું**

- વર્ષ દરમિયાન 'કોડિયું' માસિકનું નિયમિત પ્રકાશન કરવામાં આવ્યું. હાલ કોડિયુંના ૯૦૦ ગ્રાહક છે.
- વર્ષ દરમિયાન દરેક અંકો રંગીન મુખપુષ્ઠવાળા પ્રકાશિત કરવામાં આવ્યા.
- લોકભારતીમાં આયોજિત રામકથા-માનસ લોકભારતી વિશે 'કોડિયું'ના ૨ વિશેષાંક પ્રકાશિત કરવામાં આવેલ.
- 'કોડિયું' માસિક લોકભારતી-સણોસરા અને સંસ્થાના સહિયારા પુરુષાર્થથી ખૂબ જ સારી રીતે ચાલે છે. આ વિભાગમાં લોકભારતીના ગાંધીભારતી કેન્દ્રના સંયોજકશ્રી ડૉ. દિનુભાઈ ચુડાસમા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રશાંતભાઈ મહેતા અને આંબલાના રવિભાઈ પંડ્યા કાર્યરત છે.

## ૦૪ ગ્રામદક્ષિણામૂર્તિ મણાર વાર્ષિક અહેવાલ જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩

**સુરસંગભાઈ ચૌહાણ**

---

સૌને મારા નમસ્કાર

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. ગત વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા આનંદ અનુભવું છું. ગત વર્ષ દરમિયાન આપણી શાળામાં અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવી આખું વર્ષ સરસ રીતે પસાર થયું દરેક વિભાગ પ્રમાણે આયોજન મુજબ અતિ સુંદર કાર્યો થયા. જે નીચે પ્રમાણે છે.

**કેળવણીની પ્રવૃત્તિઓમાં ભાગ**

(૧) તળાજા તાલુકાનું **S.V.S.** કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન લોકશાળા બેલા ખાતે યોજાઈ ગયું. જ્યાં સંસ્થાના ગણિત,વિજ્ઞાનના શિક્ષક શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ બે વિદ્યાર્થીઓ સાથે જઈ આવ્યા. તેના ઉદઘાટક તથા મુખ્ય મહેમાન તરીકે નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ હતા.

(૨) મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગૌશાળાની સમૂહસફાઈ યોજવામાં આવી. સમૂહમાં શેરડી ખાવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ગૌશાળામાં ઘાસચારો તથા ખાણદાણ દાનમાં આપવામાં આવ્યાં.

(૩) તા.૨૨-જાન્યુઆરીના રોજ મોડેલ સ્કૂલ તળાજા મુકામે 'આઈએમએન ઇનોવેટર' કાર્યક્રમમાં અહિના છાત્રો તથા મોજીલા શિક્ષણનો સ્ટાફ જઈ આવ્યો.

(૪) તા.૨૬-જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાકપર્વની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. જેમાં **NCC** તથા **NSS**ના કેડેટ્સની પરેડ, રાષ્ટ્રભાવનાને લગતા સૂત્રોચાર, ગીતો, ધ્વજવંદન અને કવાયતના કાર્યક્રમો યોજવામાં આવ્યા.

(૫) તળાજા મુકામે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાતા તેમાં આપણી શાળાના ભાઈઓ તથા બહેનો જોડાયા. જેમને પીરામીડ, હેલ્લારો નૃત્યમાં ભાગ લઈ દર્શકોને રાજી કરી દીધાં.

(૬) તા.૩૦-જાન્યુઆરીના રોજ ગાંધી-નિર્વાણદિન નિમિત્તે પ્રાર્થના સભામાં બે મિનિટનું મૌન તથા પ્રાસંગિક વાતો કરી.

(૭) તા.૦૯/૦૨/૨૦૨૩ના રોજ ધો.૯ અને ધો.૧૧ની છાત્રા બહેનો તથા નિયામકશ્રી, આચાર્યશ્રી અને કેટલાક કર્મચારીઓ ગાંધીમેળામાં બપાડા મુકામે જઈ આવ્યા.

(૮) તા.૨૬ ફેબ્રુઆરીના રોજ શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી, તેમજ તે અંગેનું જીવંત પ્રસારણ નિહાળ્યું.

(૯) તા.૨૭ ફેબ્રુઆરીના રોજ સંસ્થામાં 'સ્વયંપાક'ની ઉજવણી કરવામાં આવી. અલગ-અલગ ચાર ટુકડીઓમાં કાર્યકરો સાથે રાખી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ આયોજન કરી જાતે સવારથી સાંજ સુધી નાસ્તો તથા જમવાનું બનાવીને આનંદ માણ્યો.

(૧૦) તા.૮-માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલાદિવસની ઉજવણી સાંજની પ્રાર્થનામાં કરવામાં આવી. જેમાં શ્રીમતી

કંચનબેન, શ્રી ડાહ્યાભાઈ તથા શ્રી સુરસંગભાઈએ પ્રાસંગિક વાતો કરી.

(૧૧) તા.૯-માર્ચના રોજ ધો.૧૦નો શુભેચ્છા અને ધો.૧૨ના છાત્રોનો વિદાય સમારંભ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. તેમજ તેમનું ફોટોસેશન પણ યોજાયું અને વર્ષ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું,જેમાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા.

(૧૨) ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શાંતિથી પૂર્ણ થઈ જેમાં ધોરણ.૧૨માં સતત આઠમાં વર્ષે પણ ૧૦૦% પરિણામ આવ્યું તેમજ ધોરણ ૧૦માં ૯૩.૦૨% પરિણામ આવ્યું.

(૧૩) માઈધાર મુકામે યોજાયેલ વિજ્ઞાનદિવસની ઉજવણીમાં અહિના કેન્દ્રની કૃતિ રજૂ કારવામાં આવી.

(૧૪) ૧૩ માર્ચના રોજ રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્ર અજમેરના ડાયરેક્ટર શ્રી એસ.એન.સકસેના તથા તેમનો સ્ટાફ કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાતે આવેલ. આ દિવસે ડૉ.અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં ૧૦૦ કિસાનોની હાજરીમાં મસાલાની પાક બાબતે તેમની સાથે એમ.ઓ.યુ.થયા.

(૧૫) એપ્રિલ માસમાં પ્રથમ દિવસે ધોરણ ૯ના વિદ્યાર્થીઓની છાત્રાલય પ્રવેશ પરીક્ષા યોજાઈ જેમાં ૧૧૦ છાત્રો અને ૯૪ છાત્રાઓ હાજર રહી.

(૧૬) ધોરણ ૧૧ની બહેનોએ ગૃહવિજ્ઞાનના પ્રેક્ટીકલમાં નાળીયેરીના પાનાની સળીઓમાંથી સાવરણા બનાવ્યા.

(૧૭) ગુરુપુર્ણિમાપર્વની ઉજવણી શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટની ઉપસ્થિતિમા કરવામાં આવી, તે જ દિવસે યજ્ઞાર્થે શ્રમકાર્યમાં તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકારોએ સાથે મળીને ગાયો માટેના ઘાસના પ્લોટમાં ૧૦ વીઘામાં હાઈબ્રીડ નેપીઅર ઘાસની રોપણી કરી.

(૧૮) જુલાઈ માસમાં રાત્રિ કાર્યક્રમમાં શ્રી લાલુદાન ગઢવીએ લોકસાહિત્યમાં દુહા, છંદ, લોકગીત તથા લોકવાર્તાની રમઝટ બોલાવી વિદ્યાર્થીઓને મોજ કરાવી.

(૧૯) શ્રી મહાવીર જૈન ચારીત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ -સોનગઢમાં ગુરુજી સન્માન કાર્યક્રમમાં ગુરુજી એવા શ્રી ડાહ્યાભાઈ ડાંગરનું સન્માન કરવામાં આવ્યું.

(૨૦) આ વર્ષના કળાઉત્સવ જી.૨૦ અંતર્ગત 'વસુધૈવ કુટુંબકમ' વિષય પર વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં પ્રથમ નંબર મેળવીને રૂપિયા. ૧૭૦૦૦નું રોકડ ઈનામ મેળવ્યું.

(૨૧) તળાજા તાલુકાનો 'યુવા ઉત્સવ' દિહોર મુકામે યોજાઈ ગયો જેમાં સમૂહગીત, લગ્નગીત, હળવું કંઠ્યસંગીત અને તબલાવાદનમાં આપણા છાત્રો પ્રથમ પસંદગી પામી જિલ્લાકક્ષાએ ભાગ લેવા ગયા.

(૨૨) આ વિસ્તારમાં કામ કરતી 'મીરડા' નામની NGOએ આપણા કામથી પ્રભાવિત થઈ વિદ્યાર્થીઓને પ્રગતિ અને વિકાસ માટે રૂપિયા ૧,૬૦,૦૦૦ની કિમતનું સ્માર્ટ ડિજીટલ બોર્ડ આપ્યું.

(૨૩) મોજીલા શિક્ષણ અંતર્ગત તળાજાની કુલ ૧૩ પ્રાથમિક શાળાઓમાં ૩૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

(૨૪) લોકભારતીના ૧૯૭૦ના વિદ્યાર્થી શ્રી શંકરભાઈ રાઠોડ જેઓ શ્રી સુરસંગભાઈના સહઅભ્યાસી હતા તેમને ૧,૧૧,૧૧૧ જેવી માતબર રકમની સહાય આપી,જેમાંથી લોક્શાળાની છાત્રાઓ માટે સુઘડ સ્નાનઘાટ તથા કપડા સૂકવવાના શેડનું નવનિર્માણ કરવામાં આવ્યું.

(૨૫) ૨૧ જૂનના રોજ 'વિશ્વ યોગદિવસ'ની ઉજવણી કરવામાં આવી જેમાં NSS અને NCC ના કેડેટ્સ તથા સમગ્ર

કાર્યકર ગણ જોડાયો .

(૨૬) ૨૨ જૂન તેમજ ૨૫ ડિસેમ્બરના રોજ પૂજ્ય હીરાબહેન માનભાઈ ભટ્ટની ૧૦૫મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાની ૪૦ છાત્રાઓને, દરેકને રૂપિયા ૨૫૦૦ની સહાય આપવામાં આવી.

(૨૭) બંને સત્ર માટે વિદ્યાર્થી મંત્રીમંડળની લોકશાહી ઢબે ચૂંટણી કરી, રચના કરવામાં આવી.

(૨૮) તારીખ ૨૮ જૂનના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી પંકજભાઈ તથા શ્રી નીરુભાઈ દેસાઈ દ્વારા સમગ્ર સંસ્થાને સમૂહભોજન કરાવવામા આવ્યું અને સાયં પ્રાથનામાં પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો વાગોળ્યા.

(૨૯) તારીખ ૦૯ ઓગસ્ટના રોજ ''આઝાદીકા અમૃત મહોત્સવ'' તથા ''મેરી મિટ્ટી મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર અલંગ ગ્રામપંચાયતના કાર્યક્રમમાં હાજર રહ્યા અને શહીદોને શ્રધાંજલિ અર્પણ કરી.

(૩૦) તારીખ ૧૦ના રોજ 'વિશ્વસિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

(૩૧) તારીખ ૧૧ ઓગસ્ટના રોજ મૃદુલાબહેન પૂ. મહેતા પ્રેરિત ''પંડિત સુખલાલજી'' વ્યાખ્યાનમાળાનું સુંદર આયોજન થયું. ૩૧માં મણકાના મુખ્ય વકતા શ્રી હીરજીભાઈ નાકરાણીએ 'કેળવણીમાં છાત્રાલયજીવનનું મહત્ત્વ' વિષય પર વક્તવ્ય આપ્યું. સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અધ્યક્ષ સ્થાને રહ્યા. આજુ-બાજુના ગ્રામજનો,પૂર્વ વિદ્યાર્થીઓ,મહેમાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા. આ દિવસે જળમંદિરના દાતાશ્રી સોહનલાલ વડેરા તેમના ધર્મપત્ની તથા ઘનશ્યામભાઈ ચભાડીયા અને સર્વ મેહમાનોની હાજરીમાં 'જળ મંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યું.

(૩૨) તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'આઝાદિકા અમૃત મહોત્સવ' તથા 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત NSS અને NCC યુનિટ દ્વારા પ્રભાતફેરી, વૃક્ષારોપણ વગેરે જેવા કાર્યક્રમો યોજાઈ ગયા.

(૩૩) ૧૫ ઓગસ્ટના રોજ 'સ્વતંત્ર પર્વ'ની ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી મનહરભાઈ ઠાકરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ ગયો.

(૩૪) તારીખ ૩૦ ઓગસ્ટના રોજ 'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્યવક્તા તરીકે શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરૂ હાજર રહ્યા.

(૩૫) તારીખ ૦૧ /૦૯ ના રોજ અંધ ઉદ્યોગશાળા ભાવનગર ખાતે રાષ્ટીય અંધજન મંડળ ભાવનગર શાખા તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભાવનગર તેમજ ભાવનગર જિલ્લા આચાર્યસંઘના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ગયા વર્ષે રૂપિયા૧,૧૪,૦૦૦ જેવો માતબર ફાળો એકત્રિત કરવા બદલ પોગ્રામ ઓફીસર શ્રીમતી કંચનબહેન થડોદા તથા આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરનું નેક નામદાર યુવરાજ સાહેબના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત થયું. અને માર્ચ ૨૦૨૩માં ધોરણ ૧૨માં ૧૦૦% પરિણામ લાવવા બદલ આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરનું ડી.ઈ.ઓ. શ્રી સાગરભાઈ પંડયા તથા લાલુભાઈ સોનાણી દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કર્યું.

(૩૬) ૫મી સપ્ટેમ્બરના રોજ 'સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી અને ફાળો રૂપિયા ૨૩૬૦ એકત્રિત કરીને ડી.ઈ.ઓ.ઓફીસ ભાવનગર ખાતે મોકલી આપવામાં આવ્યો.

(૩૭) સંસ્થામાં આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરના ઘરે જ 'કૃષ્ણજન્મોત્સવ' કાર્યક્રમ યોજાયો જેમાં સૌએ ભાગ લીધો.

(૩૮) સંસ્થામાં 'ગણેશચતુર્થી' એ શ્રી ગણેશની સ્થાપના કરવામાં આવી આરતી,પ્રશાદી અને દર્શનનો બધાએ લાભ લીધો.

(૩૯) ૨૨/૦૯ના રોજ લોકશાળાની બહેનો દ્વારા 'સાડી ડે' ઉજવાયો.

(૪૦) જિલ્લાકક્ષા યુવામહોત્સવ ૨૦૨૩/૨૦૨૪માં આપણી લોકશાળાના વિદ્યાર્થીઓ ભાવનગર ખાતે શીશુવિહારમાં યોજાયેલ કાર્યક્રમમાં જઈ આવ્યા જયાં સંગીતવૃંદનો સમૂહગીતમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર અને લોકગીતમાં ગુજરિયા મુકેશે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ તેમજ સમૂહગીત પ્રાંતકક્ષાએ જામખંભાળીયા મુકામે ભાગ લેવા જઈ આવ્યા.

(૪૧) મુખ્યમંત્રી જ્ઞાનસાધના યોજના અંતર્ગત ધોરણ-૯ ના ૮ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની પસંદગી થઈ જેમને વાર્ષિક રૂપિયા ૬૦૦૦ અને શાળાને વિદ્યાર્થી દીઠ રૂપિયા ૩૦૦૦ જેવી રકમ મળશે.

(૪૨) તળાજા તાલુકાના વિજ્ઞાનમેળામાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક શ્રી પૃથ્વીરાજસિંહને સાથે રાખીને વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ રજૂ કરી.

(૪૩) ૨-ઓક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે પ્રભાતફેરી, ગાંધીગીતો, સમૂહપ્રાર્થના યોજાઈ તથા ગાંધીજીવન વિશે પ્રાર્થનાસભામાં વાતો કરવામાં આવી સાથે સ્વ.લાલબહાદુર શાસ્ત્રી જયંતી પણ યોજાઈ.

(૪૪) સરકાર દ્વારા આયોજિત 'અમૃતકળશ' યાત્રાનું આગમન ૮-ઓક્ટોબરના રોજ થયું. જેનું ઢોલ-નગારા,સામૈયા સાથે સ્વાગત થયું. તેમાં તાલુકાના પદાધિકારીઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.

(૪૫) તારીખ ૧૫/૧૦ થી ૨૩/૧૦ સુધી શારદીય નવરાત્રીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી જેમાં સ્ટાફગણ તરફથી દરરોજ રાત્રે અલગ અલગ પ્રસાદી સ્વરૂપે નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

(૪૬) તારીખ ૨૪/૧૦ થી ૨૬/૧૦ સુધી સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત 'સંગીત શિબિર'નું આયોજન મણાર ખાતે થયું. જેમાં ૧૧ લોકશાળાના ૫૬ છાત્રાઓ અને ૧૦ કાર્યકરો જોડાયા.

(૪૭) તારીખ ૭ નવેમ્બરના રોજ એક વાલી મિટિંગનું આયોજન થયું. જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓને પરિણામ આપવામાં આવ્યું. તેમજ ઈત્તર પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો.

(૪૮) તારીખ ૩૧/૦૨/૨૦૨૩ના રોજ સંસ્થાના તમામ શિક્ષકો ભાવનગર સર.ટી.હોસ્પીટલ ખાતે CPRની તાલીમ લઈ આવ્યાં.

(૪૯) સંસ્થાના NCC, CTO શ્રી લાલજીભાઈ ખેરાળા રાજકોટ મુકામે ગ્રૂપ કમાન્ડર સાથેની મિટિંગમાં જઈ આવ્યા.

(૫૦) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મ.શિ. તરીકે ફરજ બજાવતા શ્રી અંકુરકુમાર પી. શાહ અને તેમના પરિવાર તરફથી તેમના પિતાશ્રી પ્રવીણચંદ્ર એન. શાહના સ્મરણાર્થે સંસ્થાના ધોરણ.૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને સ્વેટર તથા બહેનોને શાલનું વિતરણ કરવામાં આવ્યું. આ અગાઉ ૪ વર્ષ પહેલા તેમના પરિવાર દ્વારા આજ રીતે વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું હતું.

(૫૧) ૧૨ ડિસેમ્બરના રોજ સંસ્થામાં પુસ્તકાલય સંભાળનાર ઉ.મા. વિભાગના મ.શિ. શ્રી મનસુખભાઈ ગુજરિયાએ પોતાના વિદ્યાર્થી મંત્રીઓને સાથે રાખીને પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યું.

(૫૨) રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાનમાં બધાંજ વિદ્યાર્થીઓ સાથે સ્ટાફ જોડાયો..

(૫૩) 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. તથા આચાર્યશ્રીએ તે અંગે વિદ્યાર્થીઓને સમજ પૂરી પડી.

(૫૪) ગુણોત્સવ નિમિત્તે DEO ઓફીસના અધિકારી શ્રીમતી દર્શનાબહેન ભટ્ટ એક દિવસ શાળાની મુલાકાતે આવી ગયા શાળાકીય વાતાવરણ અને પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા.

(૫૫) ૨૬-નવેમ્બર 'વીરબાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી.

(૫૬) એન.એસ. એસ. ખાસ શિબિર તારીખ ૨૭/૧૨ થી ૦૨/૦૧ સુધી ખડસલીયા મુકામે એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી કંચનબેન થડોદા તથા ઉ.મા. વિભાગના તમામ શિક્ષકોના સહકારથી પૂર્ણ થઈ.

(૫૭) તારીખ ૩/૦૧ થી ૫/૦૧ સુધી તળાજા મુકામે આરોગ્યવિભાગ અને શિક્ષણખાતાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આયુષ્યમાન ભારતની તાલીમમાં શાળાના શિક્ષકો શ્રીમતી કંચનબેન થડોદા, શ્રી અંકુરભાઈ શાહ જઈ આવ્યા.

(૫૮) જિલ્લાકક્ષાનો કળા મહાકુંભ હાલમાં શિશુવિહાર ભાવનગર મુકામે યોજાઈ ગયો જેમાં લોકગીત (૬ થી ૧૪)માં દિહોરા પાર્થ લાભુભાઈએ પ્રથમ નંબર મેળવ્યો હતો. સમૂહગીત (૬ થી ૧૪)માં બીજો ક્રમ આવ્યો. લોકનૃત્ય (૬ થી ૧૪)માં ત્રીજા ક્રમે આવેલ.

(૫૯) વરસાદી પાણીના સંગ્રહ માટે માનનીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાની ગ્રાંટમાંથી ૧,૧૫,૦૦૦ લીટરની ક્ષમતાના ભૂગર્ભટાંકાનું બાંધકામ કરવામાં આવ્યું.

(૬૦) તારીખ ૭ જૂનના રોજ સીરમ ઇન્સ્ટીટયુટના સહયોગથી બનેલ શાળાના નવ નિર્મિત મકાનના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી કપિલભાઈ શાહ તેમજ શ્રી પી.કે.શુકલાજી અને શ્રી વિરેન્દ્રસિંહ પણ ઉપસ્થિત રહ્યા.

(૬૧) તારીખ ૦૨ ઓગસ્ટના રોજ અલંગ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી બેરાસાહેબ તથા તેમની ટીમે શાળામાં આવી 'મહિલા સુરક્ષા' અને 'પોસ્કોએક્ટ' વિષયક સુંદર માર્ગદર્શન અને જાણકારી આપી.

(૬૨) તારીખ-૯ સપ્ટેમ્બરના રોજ ભાવનગરથી પધારેલ પ્રતિભાબહેન અને તેમની ટીમ દ્વારા 'વિપશ્યના' સાધના અંતર્ગત ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સાથે 'આનાપાન' કાર્યક્રમ યોજાયો.

**એક દિવસીય – પગપાળા પ્રવાસ**

(૧) ૨૯-ફેબ્રુઆરીના રોજ એક દિવસનાં પ્રવાસમાં હસ્તગીરી, શેત્રુંજી ડેમ,બગદાણાધામ તથા ભગુડાધામની સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ મુલાકાત લીધી.

(૨) અલંગ પોલીસસ્ટેશન, રેડક્રોસ હોસ્પિટલ, અલંગ ફાયર સ્ટેશન અને દિવાદાંડીનો એક દિવસીય પગપાળા પ્રવાસ યોજાઈ ગયો.

(૩) તારીખ ૧૯/૧૦ ના રોજ ભાવનગરનો એક દિવસીય પ્રવાસ યોજાયો જેમાં વિક્ટોરીયા ગાર્ડન,સાયન્સ સીટી જોયા પછી અંધ ઉદ્યોગશાળાના બાળકો સાથે ગરબી લીધી. અંધજન માટે એકત્રિત કરેલ રકમનો ચેક આપવામાં આવ્યો.

**એન.એસ. એસ. પ્રવૃત્તિ**

(૧) પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી કંચનબેન થડોદા ઉચ્ચશિક્ષણ કચેરી ગાંધીનગર મુકામે યોજિત માર્ગ સલામતી તાલીમમાં જઈ આવ્યા.

(૨) એન.એસ. એસ.યુનિટ દ્વારા સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય રમત-ગમત દિવસ' ની ઉજવણી કરવામાં આવી જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) ૧૩મી રોજ 'ફ્લેગ ડે' ૨૦૨૩ અંતર્ગત અંધજન સપ્તાહ નિમિત્તે એન.એસ. એસ. ના સ્વયંસેવકો તથા સ્ટાફગણ દ્વારા આજબાજુના ગામોમાં જઈ રૂપિયા ૧,૩૬,૦૬૧ જેવી માતબર રકમ એકત્રિત કરવામાં આવી.

(૪) એન.એસ.એસ.ના કેડેટ્સની નિયમિત પરેડ યોજાય છે અને નાસ્તો મળે છે.

(૫) વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અંગેના કાર્યો કરવામાં આવે છે.

(૬) ભાવનગર ઓફિસેથી PI STAFF પરેડ કરાવવા માટે તથા ક્લાસ લેવા માટે આવે છે.

(૪) જાન્યુઆરી માસમાં 'A' સર્ટીફીકેટની એકમીતી લેવાઈ અને પ્રેક્ટીકલ પણ લેવાયું.

(૫) ૧૧-જુલાઈના રોજ ભાવનગર ખાતેથી PI STAFF એ આવી પ્રથમ વર્ષના કેડેટ્સનું એનરોલમેન્ટ કર્યું.

(૬) બીજા વર્ષના એન.સી.સી. કેડેટ્સ તા.૧૧/૮ થી ૨૦/૮ સુધી સીદસર મુકામે CATC કેમ્પમાં જઈ આવ્યા. જ્યાં તેમને ફાયરીંગ, બોટિંગ વગેરે પ્રવૃત્તિઓ શીખી તેમની સાથે દસ દિવસ શ્રી અંકુરભાઈ શાહ રહ્યા. વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમમાં બેસ્ટ પરફોર્મન્સનો એવોર્ડ મળ્યો.

(૭) ૧૩ ઓકટોબરના રોજ ૩ GUJ NAVAL NCC ભાવનગરથી C.O. સર સંસ્થાની મુલાકાતે આવી ગયા.

**સંસ્થા-દર્શન માટે આવેલા મહાનુભાવો**

(૧) શ્રી રઘુભાઈ-અરુણાબેન, શ્રી લાલજીભાઈ-નર્મદાબેન, શ્રી યોગેશભાઈ, શ્રી ભીખાભાઈ વગેરે સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૨) સરકારશ્રી દ્વારા આયોજિત 'ગુણોત્સવ' કાર્યક્રમ અંતર્ગત ક્લાસ-૨ ઓફિસરશ્રી બારૈયા સાહેબ શાળાનું ઇન્સ્પેકશન કરવા તા.૨૩ જાન્યુઆરીના રોજ આવી ગયા.

(૩) તા.૨૪ જાન્યુઆરીના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શ્રી સંજયભાઈ ડોડીયા અને શ્રી સાગરભાઈ પંડ્યા સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૪) શ્રી વિશાલભાઈ ભાદાણી ધો.૧૦ અને ધો.૧૨ના છાત્રોને પરીક્ષાનો ભય કેવી રીતે દૂર થાય તે માટે મોટીવેશન સ્પીચ આપવા માટે આવી ગયા.તેમને લોકભારતી યુનિ.ના અભ્યાસક્રમો વિષે માહિતી આપી અને છાત્રોને મોટીવેટ કર્યા.

(૫) કસ્તુરબા સેવાશ્રમ-મરોલીના ટ્રસ્ટીશ્રી શશીભાઈ પટેલ, શ્રી પલ્લવીબહેન , શ્રી લલીતાબહેન તથા ભીખાભાઈ કોરાટ સંસ્થા દર્શને આવી સાયં-પ્રાર્થનામાં જોડાયા.

(૬) તા.૨૭-જાન્યુઆરીના રોજ શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી લવીના મેડમ, શ્રી પી.કે.શુક્લાજી વગેરે કૃષિ-બાગાયત કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તે દિવસે શ્રી મધુકરભાઈએ ખેડૂત સંમેલનને પણ સંબોધ્યું.

(૭) જાન્યુઆરી માસમાં સમન્વય ટ્રસ્ટ સુરતના શ્રી જેરામભાઈ પટેલ, શ્રી મધુકરભાઈના કાકા શ્રી નટુભાઈ પારેખ, શ્રી રાજમભાઈ દેસાઈ, શ્રી મૌલિકભાઈ કોટક સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૮) 'બેગલેસ ડે' અંતર્ગત ફુલસરની ગૌતમબુદ્ધ પ્રાથમિક શાળાના ધો.૮ ના ૬૫ બાળકો સંસ્થાની મુલાકાતે આવ્યા.

બંને સ્કૂલના વિદ્યાર્થીઓની સભા યોજાઈ એકબીજાની પ્રવૃત્તિનું આદાન-પ્રદાન થયું.

(૯) ૨૫-ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનથી શ્રી સોહનલાલ અને તેમના પત્ની શ્રીમતી સુમિત્રાદેવીજી તથા પાલીતાણાથી શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા સંસ્થાની મુલાકાતે આવી પાણીના પરબ માટે રૂપિયા ૧,૫૧,૦૦૦નું દાન અર્પણ કર્યું . તેમજ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને કપડાનું વિતરણ કર્યું. તેમજ પરબનું ભૂમિપૂજન પણ તેમના વરદ હસ્તે કરવામાં આવ્યું.

(૧૦) ૨૮ ફેબ્રુઆરીના રોજ **ITI** તળાજાના સાહેબોએ આવીને ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓને કારકિર્દીનું માર્ગદર્શન આપ્યું.

(૧૧) તા.૪ અપ્રિલના રોજ ભાવનગર જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી એન.જી.વ્યાસસાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.

(૧૨) તા.૨૩ અપ્રિલના રોજ ભાવનગરના ખ્યાતનામ ડૉક્ટર અને અહીના પૂર્વ વિદ્યાર્થી ડૉ.લાઠીયાસાહેબ તેમના પરિવાર સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૩) 'મોજીલા શિક્ષણ' અંતર્ગત ઉનાળુ વેકેશનમાં આજુબાજુના ગામડાંઓમાં ગ્રીષ્મશિબિરનું આયોજન કરવામાં આવ્યું.

(૧૪) ૫ જૂન 'વિશ્વ પર્યાવરણદિન'નિમિત્તે પીડીલાઇટ કંપનીના શ્રી પી.કે.શુક્લા તથા શ્રી અરુણભાઈ ઉપાધ્યાય સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૫) વેકેશનમાં ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકરશ્રી અબ્દુલ્લાચાચા તથા વિસ્તરણ વિભાગના વડાશ્રી મનોજભાઈ પરમાર તેમના પરિવાર સાથે સંસ્થાદર્શને આવી ગયા.

(૧૬) લોકભારતી સણોસરાના કાર્યકરો શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી રાજેન્દ્રભાઈ ચોટલીયા અને શ્રી નીતિનભાઈ સંસ્થા મુલાકાતે આવી ગયા.

(૧૭) તારીખ ૧૪ જુલાઈના રોજ પીડીલાઈટ મુંબઈના અધિકારીઓની ટીમ શ્રી લવીનાબહેનના નેતૃત્વ નીચે શુભેચ્છા મુલાકાતે આવી ગઈ.

(૧૮) તારીખ ૧ જૂનના રોજ ભાવનગરના ઇન્ચાર્જ ડી.ઈ.ઓ. શ્રી સાગરભાઈ પંડ્યાસાહેબ તથા ઈ.આઈ. શ્રી ડોડીયાસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૯) તારીખ ૨૭ જૂનના રોજ નલિનભાઈ પંડિત તથા ઉમાકાન્તભાઈ રાજ્યગુરૂ અને પૂર્વ વિદ્યાર્થી હરજીભાઈ દૂધાત સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૨૦) ગુજરાત રાજ્યનો સાયકલ પ્રવાસ કરનાર શ્રી પ્રકાશભાઈ ડાભી ૨૬૦૦ કિ.મી.નો સાયકલ પ્રવાસ કરી સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૨૧) વેકેશન દરમિયાન FM 95 રેડિયો અમદાવાદના શ્રી આર.જે.દેવાંગે સંસ્થાની મુલાકાત લીધી.

(૨૨) શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિવૃત્ત શિક્ષકશ્રી વિનુભાઈ તથા તેમના ધર્મપત્ની સંસ્થાની મુલાકાતે આવી ગયા.

## ૦૫ કથા : આશા અને વિકાસની

**બિંદુ - પાર્થેશ**

---

**બકરાની બલી**

ડુહ.... ડુહ.... ડુહ.... ડાકલાં વાગી રહ્યાં છે. ઢોલ પણ ધ્રૂબાંગ ધ્રૂબાંગ ગુંજી રહ્યો છે.

એક જુવાનીયો હાથમાં દૂધનું વાસણ લઈ ચાલતો ચાલતો દૂધની ધાર કરતો જઈ રહ્યો છે. તેની પાછળ એક જણ હાથમાં દારૂની કોથળી લઈ દારૂની ધાર કરતો ચાલ્યો જાય છે. તેની પાછળનો જણ હાથમાં દોરાનું મોટું રીલ લઈ ગામ ફરતો દોરો વીંટતો ચાલ્યો જાય છે. આજે દશેરા છે. ગામ આખાની બાધા- માનતા ઉજવાઇ રહી છે. આખા ગામને ફરતે દોરો વીંટવાની વિધિ ચાલી રહી છે. બે ચાર જણ દારૂના નશામાં ઝૂમતા ઝૂમતા ટોળાં સાથે ચાલી રહ્યા છે. આ રૂપાળું દશ્ય આશા અને વિકાસ જોઈ રહ્યાં છે. ભારતીયસંસ્કૃતિ ખૂણે ખાચરે કેવી સચવાઈ રહી છે ! તે જોઈ ખુશ થઈ રહ્યા છે.

વિકાસ ઓફિસે જવા નીકળ્યો. ડાકલાંના અવાજથી આશાના મનમાં વિચાર આવ્યો કે, 'ક્યાંક આ વિધિમાં કોઈ અબોલ પશુનો બલી તો નહીં ચડાવાય ને?' તરત તેણે આંગણામાં રમતાં ગામના બાળકોને પૂછ્યું. બાળકો જવાબ આપવામાં થોથવાયા, મૂંઝાયા. નાનકડા વિશુએ હિંમત કરી કહ્યું કે, 'હા, એવું થાય છે.'

આશાના અંતરમાં જાણે ચીરો પડ્યો. તેણે કહ્યું, 'તો આપણે ગામ લોકોને તેમ કરતાં રોકવાં પડશે.'

'બેન, બોકડો તો વધેરાઈ ગયો.' વિશુએ દબાતાં અવાજે કહ્યું. આ સાંભળતાં જ આશાનું મન ચિત્કાર કરી ઉઠ્યું. ગાંધીવિચારને વરેલા આ દંપતિ માટે આથી મોટી હતાશા, દુઃખ બીજું શું હોઈ શકે? વહેમ અને હિંસામાં નહીં માનનારી આશાને શું કરવું એ ન સમજાયું. એક તરફ ભોળા ગ્રામજનોના અજ્ઞાન પર તેને દયા આવતી હતી. બીજી તરફ એક અબોલ પશુના વધની પીડામાં તેમની આંખોમાં આંસુની ધારા વહેતી હતી. પોતાની હાજરી હોય અને ત્યાં ધર્મના નામે બલી ચડાવાય તે કેમ ચાલે? પશુનો વધ રોકી ન શકી તે બદલ પોતાની જાતને ગુનેગાર અનુભવતી હતી. ગુનાનું પ્રાયશ્ચિત તો કરવું જ પડે. પ્રાયશ્ચિત માટે ઉપવાસ કરવાનો વિચાર આવ્યો. ઓફિસે ગયેલ વિકાસે પણ નિર્ણયમાં સાથ આપ્યો. આશાએ પોતાને અનુભવાતી વ્યથા અને ઉપવાસના નિર્ણય અંગે ચીઠ્ઠી લખી. ગામના ભુવાને મોકલી. ભોળા ગ્રામજનો ચિંતામાં પડ્યા. સ્ત્રીઓને ચિંતા થઈ કે, 'આ દંપતિ પર માતાજી કોપાયમાન થશે તો? ક્યાંક તેમને આંધળા કરી દેશે તો?

બીજી તરફ પુરુષો ચિંતામાં પડ્યા કે, અમે જે કંઈ કર્યું તે શું અયોગ્ય હતું? ધુણતા ભુવાને પૂછવામાં આવ્યું કે,

'બેન અને સાહેબે તો ઉપવાસ કર્યો છે, તેનું શું?' ધુણતાં ધુણતાં જ ભુવાએ જવાબ આપ્યો, 'ચિંતા ન કરો. તે બેય ૨૧ ઉપવાસ કરશે તો પણ તેમને કંઈ નહીં થાય.'

આખો દિવસ પસાર થયો. આટલો અજંપો ગામલોકોએ ક્યારેય નહોતો અનુભવ્યો. શાળામાં ભણતા કેટલાક બાળકો પણ બપોરે ન જમ્યાં. કહો કે તેઓ જમી જ ન શક્યાં. સ્ત્રીઓ શાળામાં જઈ જઈને જોઈ લેતી કે બેન જીવે તો છે ને? માતાજીએ કંઈ કરી તો નથી નાખ્યું ને? ખબર નહીં કેમ પણ આશાને ગામલોકો પર બિલકુલ ગુસ્સો નહોતો આવતો. સાંજ પડી, આખું ગામ ભેગું થયું. આશાને બોલાવાઈ. પૂછ્યું, 'બેન, તમે શા માટે ઉપવાસ કર્યો છે?'

આશાએ કહ્યું, 'માતાજી ક્યારેય કોઈનો જીવ ન લે. તે તો જીવનું રક્ષણ કરે. મા તો જીવન આપે, લે નહીં. તમે સૌ જાણો છો કે અમને દરેક પક્ષી પ્રાણી માટે કેટલી લાગણી છે ! નાનું ચકલુંયે ઘાયલ થયું હોય તો તેને બચાવવા અમે મથીએ છીએ. મા વગરનાં કેટલાં બચ્ચાંને સાચવીને મોટાં કરીએ છીએ..... ને તમે.... માતાજીના નામે એક જીવને?' આશા આગળ ન બોલી શકી. તેના ગળે ડૂમો બાજી ગયો. એક જીવને ખોયાનો રંજ હજુ એના દિલો દિમાગમાંથી નીકળ્યો નહોતો. બેઠેલામાંથી પણ ઘણાંની આંખોમાં અશ્રુ છલકાયાં. થોડીવારે સ્વસ્થ થઈ આશાએ પૂછ્યું, ' પણ તમે શા માટે બલી ચડાવો છો એ તો કહો!'

એક વડીલ બોલ્યા, 'આ તો અમારો રિવાજ છે. અમારે કરવું જ પડે.' બીજાએ ખાટલા પર બેઠાં બેઠાં કહ્યું, 'બલી ન ચડાવીએ તો માતાજી નારાજ થઈ જાય.'

આશાએ કહ્યું, 'પણ એ તો આપણી મા છે ! તે આવું ન ઈચ્છે.'

બીડી સળગાવતાં સળગાવતાં એક વૃદ્ધ બોલ્યાં, 'માતાજીની મરજી વિરુદ્ધ અમારાથી કંઈ ન કરી શકાય. એમ કરીએ તો અમને બહુ નુકસાન થાય. અમે પાયમાલ થઈ જઈએ.' લાજ પાછળથી એક સ્ત્રી બોલી,'આ આપણાં ખેતરોમાં રહે છે એમણે બલી બંધ કરી તો કેવી દશા આવી? ઘરમાંથી ઝૂંપડામાં આવી ગયાં.'

'હવે એ તો એમનાં કર્મે ગરીબ થયાં છે. માતાજીના કારણે નહીં.' એક યુવાને જરા ઊંચા આવજે કહ્યું.

ચર્ચા ચાલી. વિકાસને ફોન કરવામાં આવ્યો. ફોન સ્પીકર પર રાખી તેમની વાત ગામવાળાંએ સાંભળી. અંતે નક્કી થયું કે, માતાજી જ્યાં સુધી ના ન કહે ત્યાં સુધી ગામ લોકો બલી ચડાવશે અને ત્યાં સુધી પ્રાયશ્ચિત સ્વરૂપે આશા અને વિકાસ ઉપવાસ કરશે.બધાં હળવાં મન સાથે છૂટાં પડ્યાં.

બીજે દિવસે સવારમાં ભુવાજી તંબુમાં આવ્યા. હાથમાં સુખડી ભરેલ થાળી હતી.બોલ્યા, ' લો પારણા કરો.' આશા અને વિકાસ ગદગદ થઈ ગયા. આંખમાં હર્ષાશ્રુ આવી ગયા. બેમાંથી કોઈ એક પણ શબ્દ બોલી ન શક્યા. હળવેથી ભુવા બોલ્યા, 'આ તો સાપ ગયા ને લીસોટા રહી ગયા છે. ધીમે ધીમે એ પણ જશે.'

**ઉપવાસના સહભાગી**

ગામમાં આખાં વર્ષમાં ચાર વાર બકરાની બલી ચડતી.

ચૈત્રની નવરાત્રી આવી. ભૂવા ધુણતાં ધુણતાં બોલ્યા, 'માતાજીએ બોકડો લેવાની ના પાડી છે. હવેથી ચૈત્રી નવરાત્રીએ માતાજીને બોકડો નહીં સુખડીની પ્રસાદી ધરાવવી.' ગામ ખુશ ખુશ થઈ ગયું. સૌથી વધારે ખુશ હતાં ગામના નિશાળીયાં. એક તો એમના શિક્ષિકાએ ભૂખ્યા નહીં રહેવું પડે અને બીજું હવે ચૈત્રની નવરાત્રી સુખડી ખાવા મળશે.

આશા અને વિકાસને જ્યારે આ નિર્ણયની જાણ થઈ ત્યારે સાભાર આકાશ તરફ જોયું. મનથી બોલ્યા, 'ગાંધીબાપુ, તારા શસ્ત્રોની તાકાત આજે અમે જોઈ. એક દિવસના ઉપવાસે દર વર્ષે એક બોકડો ઓછો કપાશે.'

જ્યારે પણ ગામ સમસ્તમાં બોકડો વધેરાય એટલે આશા અને વિકાસ ઉપવાસની ઘોષણા કરે. બાળકો કાગળ પેન લઈ યાદી કરવા નીકળે. ઘરે ઘરે જઈ પૂછે કે, 'તમે ઉપવાસમાં જોડાશો?' લોકો હોંશે હોંશે જોડાતા.

જે પ્રસંગે ઉપવાસ કરે એ પ્રસંગ બીજી વાર આવે ત્યારે ભુવાજી ધૂણીને બલીની ના પાડી દે.

**બલીનો બકરો પાછો મોકલ્યો**

સાંજના લગભગ છ વાગ્યા હતા. બાળકો શાળામાં રમતા હતા.

આશા ચોકમાં લીમડી નીચેના ઓટલા પર બેઠી રમતાં બાળકોને જોઈ ખુશ થઈ રહી હતી. એ જ વખતે એક રીક્ષા રસ્તા પરથી પસાર થઈ. બાળ સહજ કુતૂહલથી કેટલાક બાળકો વરંડા પર લટકીને જોવા લાગ્યા.

એક બાળક બોલ્યો, 'બેન, આવ્યો..... હવે?'

આશાએ વેદના ભર્યા સ્મિતે કહ્યું, 'તો હવે ઉપવાસ પાક્કો.'

બાળક દ્વિધા ભર્યા આવજે બોલ્યો, 'પરંતુ, તમારે નોરતાના એકટાણા ચાલે છે. નવ દિવસથી તો તમે બંને એક જ ટાઈમ જમો છો. હવે સાવ ભૂખ્યા.....'

'ઈશ્વર પર ભરોસો રાખવાનો. તે બધી તાકાત આપશે' આશા બાળકને અટકાવતા બોલી. બધાં ઘર તરફ ચાલ્યાં.આજે બાળકોનો રોજ જેવો કલશોર ન હતો. બધા શાંત થઈ ગયા હતાં.રાત્રે વિકાસ ઘરે આવ્યો. દશેરા નિમિત્તે બકરો લાવ્યાની વાત જાણી. તેણે ગામના કેટલાક વડીલો સાથે વાત કરી. ગામવાળા પણ આ દંપતીને ઉપવાસ થશે તે બાબતે ચિંતિત હતાં. સવારે બોકડાને વધેરતા પહેલાં લોકો વચ્ચે આ બાબતે છાની છાની ચર્ચા ચાલી. હવા અનુકૂળ વહેતી જાણી ગ્રામ આગેવાન એવા કેશુભાઈએ વિકાસને જાણ કરી કે, વાતાવરણ ઊભું થયું છે. તમે માતાજીના મંદિરે આવી જાઓ.વિકાસ તરત ઉપડ્યો. આખું ગામ મંદિરે જ હતું. ભુવાજી ધુણતા હતા. વિકાસે જઈ કહ્યું, 'જુઓ, અમે તો હંમેશથી પશુ બલીનો વિરોધ કરતા આવ્યા છીએ. તો પણ અમને કોઈ નુકશાન નથી થયું. મારો પગાર વધ્યો, નવું બાઈક આવ્યું, તંબુમાંથી વાંસના મકાનમાં રહેવા લાગ્યા. અમારે તો પ્રગતિ જ પ્રગતિ છે. આટલા વર્ષમાં તમારી હાલત શું છે તે જુઓ ! તો પછી માતાજી કોના તરફી છે? તમારી કે અમારી?'

કેશુભાઈ વાતને ઉપાડી લેતા બોલ્યા, 'હં........ બોલો માતાજી, આમાં તમારું શું કહેવું છે?'

ભુવાજીએ ધુણતા ધુણતા દાણાં નાખ્યાં. ધાર્યાં દાણાં આવ્યા.ભુવાજી બોલ્યા 'હવેથી દશેરાએ બોકડાના બદલે સુખડીનો પ્રસાદ ધરવાનો. આ બોકડાને પાછો મોકલી દો.'

માતાજીનો આદેશ સાંભળી આનંદ આનંદ છવાઈ ગયો. માતાજીએ આશા - વિકાસને સજા ફટકારતાં આદેશ કર્યો કે, 'આવતા દશેરાએ અધમણ સુખડી તેમના તરફથી ધરવાની.'

વિકાસે સજા સહર્ષ સ્વીકારી લીધી.ઘરે આવી આશાને ખુશ ખબર આપ્યા. ઉપવાસ ટળ્યો. બલી માટે આવેલ બકરો પણ પાછો ગયો. બીજે ક્યાંય બલી માટે તેને ન લઈ જાય તે માટે બકરાના કાનમાં એક કટ મારવામાં આવી. સૌના આનંદ અને આશ્ચર્ય વચ્ચે બકરો પાછો ગયો.

પછીના વર્ષે આશા અને વિકાસે મળેલ સજાના ભાગ રૂપે સુખડી બનાવવા સજીવ ખેતીના ઘઉં, દવા વગરનો ગોળ અને તેમના ઘરે ચાલતી ગામની ડેરીનું ચોખ્ખું ઘી મોકલ્યું. ગામ તરફથી બનેલ સુખડી કરતા આ સુખડી બધાને ખુબ ભાવી. તેમની સુખડી લેવા માટે પડાપડી કરતા જોઈ વિકાસ હરખાયો.

પણ આ હરખનું આયખું ટૂંકું હશે તેની આશા - આશાને પણ નહોતી કે તેનો વિચાર વિકાસને પણ નહોતો. કદાચ ઈશ્વરની પરીક્ષામાં હજુ કેટલાંય વિષયો બાકી હશે. અને આ પરીક્ષા આવતા વાર ન લાગી.

ક્રમશઃ

મો. ૯૪૨૮૦૦૦૫૪૧

## ૦૬ ગાંધીનો ધબકાર : ગાંધી ઈકોનોમી - 'સ્વ' નહીં, 'સૌ'

**સોનલ પરીખ**

---

ગાંધીજીનું પ્રસિદ્ધ વિધાન છે, 'પૃથ્વી પર દરેકની જરૂરિયાત સંતોષવા માટે પૂરતાં સંસાધનો છે, પરંતુ દરેકની લાલચ સંતોષવાની ક્ષમતા પૃથ્વીમાં નથી' અને આપણી માનીતી સંસ્કૃતિ છે 'મારી પાસે બધું જ હોવું જોઈએ અને હું તે મેળવીશ જ.'

કેવી રીતે મેળ પડશે આ બંનેનો? પણ પાડવો તો પડશે, કારણ કે આપણી પ્રિય ભોગવાદી સંસ્કૃતિએ પર્યાવરણથી માંડી મૂલ્યો સુધી દરેક ક્ષેત્રે પતન જ નોતર્યું છે.

ગાંધીજીના આર્થિક વિચારો ઘડાયા ત્યારે સામ્રાજ્યવાદ, પશ્ચિમનું ઔદ્યોગીકરણ અને સ્વાર્થી વેપાર ભારતના ગરીબોનું લોહી ચૂસી રહ્યાં હતાં. દૂર દૂર આવેલા દેશોને જીતવાની અને ત્યાં જઈને શોષણ કરવાની એ અસલ સામ્રાજ્યવાદી ઘેલછા હવે ઓછી થઈ છે, તેથી નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેના સંબંધવિચ્છેદની માત્રા અમુક પ્રમાણમાં ઘટી હશે એમ માનવું ગમે. પણ તો પછી દુનિયામાં ગરીબી, બેકારી, અસમાનતા, શોષણ અને આતંક ઘટવાનું નામ કેમ નથી લેતાં? માનવી બેચેન છે, માનવતા અપમાનિત છે. કોઈ થીયરી કામ આવી નથી. અહિંસક સમાજનું ચિત્ર ક્ષિતિજ પર પણ ક્યાંય દેખાતું નથી. દુનિયાના સમજુ માણસો મહાત્મા ગાંધી તરફ મીટ માંડીને બેઠા છે.

આજે તો ગાંધીજીને ગયે પણ દાયકાઓ વીતી ગયા છે. દેશ અને દુનિયા અનેક પરિવર્તનોમાંથી પસાર થતાં ક્યાંનાં ક્યાં નીકળી ગયાં છે. મોટા ભાગનાં રાજકારણીઓ, વહીવટકર્તાઓ, સત્તાધારીઓ અને બૌદ્ધિકોને ગાંધીજીની આર્થિક વિચારસરણી 'આઉટ ઓફ ડેટ' લાગે છે. પણ વર્તમાન અર્થસંસ્કૃતિએ ગરીબી, બેકારી, અસમાનતા, પ્રદૂષણ, ગળાકાપ સ્પર્ધા, આતંકવાદ, દેશદેશ વચ્ચેનાં આર્થિક અને લશ્કરી યુદ્ધો અને આનંદ પ્રમોદની બધી જ ચીજો છીનવાઈ જવાથી આવતી જે અનિશ્ચિતતા, હતાશા અને કટોકટી પેદા કર્યાં છે તેની પાછળ જાતજાતના સ્વાર્થ છે અને નૈતિક મૂલ્યોને લાગેલો અત્યંત ઘસારો છે. આવા સંજોગોમાં ગાંધીજીને ફરી એક વાર યાદ કરીને સમજવા પડે તેમ છે.

ગાંધીજીની આર્થિક વિચારસરણી સમજવામાં એમણે ૧૯૦૯માં લખેલું 'હિંદ સ્વરાજ' ચાવીરૂપ છે. તેમાં ગાંધીજીએ પશ્ચિમની ભૌતિકવાદી અને ભોગવાદી સંસ્કૃતિની ભારે આલોચના કરી છે. 'હિંદ સ્વરાજ' પશ્ચિમની સર્વોપરિતા અને સામ્રાજ્યવાદી રીતરસમ સામેનો મોટો એન્ટી-કોલોનિયલ બળવો હતો. ગાંધીજીએ કહ્યું હતું કે એશિયા અને આફ્રિકાની ગુલામી અને બરબાદી માટે પશ્ચિમની ઔદ્યોગિક સંસ્કૃતિ જવાબદાર છે. તેનાં વિકલ્પ તરીકે ગાંધીજીએ એમની આર્થિક વિચારસરણી રજૂ કરી હતી.

ગાંધીજી અર્થશાસ્ત્ર અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રકૃતિ, વ્યવસ્થા અને માનવજીવનનાં નૈતિક હેતુઓનાં ભાગ તરીકે જોતા હતા. તેઓ નગરલક્ષી મૂડીપ્રચૂર હાઈ ટેકનોલોજી અને ઔદ્યોગીકરણનાં વિરોધી હતા. તેઓ કહેતા કે જ્યાં સુધી ગામડાં, ખેડૂતો અને કારીગરોનાં હાથમાં સાદાં-નાનાં યંત્રો નહીં મૂકાય ત્યાં સુધી મોટા ગંજાવર યંત્રો નકામાં છે, કેમકે તેનાથી બેકારી અને અસમાનતા દૂર નહીં થાય. યંત્રો એવાં હોવા જોઈએ જેના ભાર હેઠળ નાનો માણસ કચડાઈ ના જાય. ગાંધીજીએ કહ્યું છે કે 'મારો વાંધો યંત્રો સામે નહીં પણ યંત્રોની ઘેલછા સામે છે - મોટી ઈમારત બાંધવા, મોટા પથ્થર

ઊંચકવા કે વજનદાર સામાન ઉપર ચઢાવવા શ્રમિકોની કમર તોડવા કરતા યંત્રો વાપરવાં સારાં જ છે, પણ આપણા ગરીબ દેશને સાયકલો, ટાઈપરાઈટરો અને સીવવાનાં મશીનોની વધારે જરૂર છે. આજે લાખો લોકો બેકારી અને ભૂખમરાથી બચવા શહેરોમાં સ્થળાંતર કરે છે, પણ બહુ ખર્ચાળ ના હોય તેવાં, સાદાં અને કાર્યક્ષમ યંત્રો દ્વારા જ્યારે ગામડાંઓ આત્મનિર્ભર થશે ત્યારે તેઓ નગરો સાથે સહેતુક રીતે જોડાશે.'

ભારત ઉપર જ્યારે બ્રિટીશ અને યુરોપિયન માલનું આક્રમણ પૂરજોશમાં ચાલી રહ્યું હતું તે સમયે ગાંધીજીએ 'સ્વદેશી' એટલે કે 'મેઈડ ઈન ઈન્ડિયા'નો પ્રચાર કર્યો હતો. જો કે આઝાદી પછી એક પણ સરકારે ગાંધીજીનાં ગ્રામલક્ષી આર્થિક વિકાસ ઉપર ધ્યાન ના આપ્યું. સ્વતંત્ર ભારતની સરકારોએ જો ગ્રામીણ કુટિર ઉદ્યોગો અને સ્વદેશી મંડળોને પૂરતા પ્રમાણમાં ઉત્તેજન આપ્યું હોત તો કરોડો લોકોનાં શક્તિ અને સાથસહકારથી દેશની આર્થિક ક્ષમતા ચીન, જાપાન અને બ્રિટન કરતાં પણ વધી ગઈ હોત.

જર્મન અર્થશાસ્ત્રી અર્નેસ્ટ શુમાકરે ૧૯૭૩માં પ્રસિધ્ધ કરેલ ગ્રંથ 'સ્મોલ ઇઝ બ્યુટીફુલ : એ સ્ટડી ઑફ ઇકોનોમિક્સ એઝ ઇફ પીપલ મેટર્ડ'માં ગાંધીજીએ સૂચવેલી સસ્તી પણ કાર્યક્ષમ ટેકનોલોજી અને ઉત્પાદનપદ્ધતિની ભારોભાર પ્રશંસા કરતાં લખ્યું છે, 'ગરીબો અને વંચિતોનાં ઉત્થાન માટે ગંજાવર યંત્રો દ્વારા નહીં પણ જનતાનાં શ્રમ અને કૌશલ્યો દ્વારા માસ-પ્રોડક્શનની જરૂર છે. અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્ર સાથે જોડવાની ગાંધીજીની સૂઝ માનવજાત માટે કલ્યાણકારી છે અને તે અપનાવવા જેવી છે.'

ગાંધીજીનાં આર્થિક વિચારો સીધા અને સરળ હતા. ગાંધીજી માનતા કે જેમ રાજનીતિ એ નીતિથી અલગ નથી તેમ અર્થનીતિ પણ નીતિથી અલગ ન હોય. આર્થિક નીતિ સમાજનાં કોઈ ચોક્કસ વર્ગનાં ઉત્કર્ષ માટે નહીં, પણ સમગ્ર માનવજાતિના ઉત્કર્ષને કેન્દ્રમાં રાખી બનાવવી જોઈએ. તેમનું માનવું હતું કે અર્થશાસ્ત્ર એ માત્ર આંકડા અને કિંમતો સાથે જોડાયેલું શાસ્ત્ર નથી, તે નૈતિક મૂલ્યો સાથે પણ સંકળાયેલું છે. મૂડીવાદીઓએ મેળવેલ રૂપિયામાં ગરીબોનાં શ્રમનું શોષણ હોય છે, તેથી મૂડીવાદમાં હિંસા છે એમ ગાંધીજીનું માનવું હતું. તેમણે કહ્યું છે કે 'જો શ્રીમંતો ગરીબોને ભોગે શ્રીમંત થવાનું નકારે અને ગરીબો શ્રીમંતોની અદેખાઈ ન કરે તો કલેહ અને દ્વેષભાવને દૂર કરી શકાય અને એમ કરવું જ જોઈએ; કેમ કે જ્યાં સુધી અસમાનતા રહેશે ત્યાં સુધી અહિંસક સમાજ કે અહિંસક શાસનનો સંભવ નહીં રહે.'

ગાંધીજીનું માનવું હતું કે માનવી પોતાની જરૂરિયાત કરતા વધારે વાપરે છે તેથી જ આ જગતમાં ઘણી કંગાલિયત પેદા થઈ છે. સૌ પોતાને જોઈતો જ સંગ્રહ કરે તો કોઈને તંગી ન આવે અને સૌને સંતોષ રહે. વિશ્વમાં વ્યાપેલી ગરીબીનું નિરાકરણ વિપુલ પ્રમાણમાં ઉત્પાદન નથી પરંતુ લોકો માટે ઉત્પાદન છે.

ગાંધીજી આજે પણ આપણી વચ્ચે છે, આપણી સાથે છે. આપણે ધારીએ તો તેમની ચેતનાને શોધી શકીએ, પણ આપણે ધારીએ તો.

**સ્વતંત્રતા**

ઈબ્સનના 'ડોલ્સ હાઉસ'માં નાયિકા નોરાનો પતિ હેલ્મર એને કહે છે કે, 'તને ખબર નથી કે તું કઈ દુનિયામાં જીવી રહી છે.'

નોરા એને ઉત્તર આપે છેઃ 'ના, મને ખબર નથી. પણ હવે મારે એ પણ જોઈ લેવું છે. હવે મારે જ નક્કી કરી લેવાનું છે કોણ સાચું છે? દુનિયા કે હું?'

## ૦૭ લોકશાળા સંઘની શિક્ષણ સંગોષ્ઠિ - રેલી (શિક્ષણનો સર્જનાત્મક અનુબંધ)

**ડો. દિનુ ચુડાસમા**

---

શિક્ષણનું કેળવણીમાં રૂપાંતર કેમ થાય એ જોવું હોય તો સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા દર વર્ષે યોજાતી શિક્ષણ-સંગોષ્ઠિમાં જવું પડે. તમને આ વર્ષે તા.૨૨ થી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૪ માં આયોજિત રેલી વિશે કહું. રેલીમાં પાંચ દિવસ નજરે બધું જોયા પછી અનુભવાયું કે ખરી જીવનની કેળવણી આપણી આંખ સામે જીવંત થાય છે. લોકશાળાના ધો.૯માં ભણતા વિદ્યાર્થીઓ સહભાગી થાય છે. આ વર્ષે ૧૮ લોકશાળાના ૧૦૩૮ વિદ્યાર્થી ભાઈ,બહેન અને ૪૦ શિક્ષકો લોકનિકેતન ટ્રસ્ટ સંચાલિત લોકશાળા-બેલા, તા.સિહોર, જિલ્લો ભાવનગર પધાર્યા હતા. યજમાન સંસ્થા પાંચ દિવસ સઘળી વ્યવસ્થા પૂરી પાડે ,એમાં અન્ય સંસ્થાઓ પણ સહયોગ કરે છે. ૫૮મી રેલીમાં રવિકૃપા ટ્રસ્ટ અને લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ -ઈનોવેશન મદદરૂપ થયાં હતા.

બેલા ગામના પાદરમાં પ્રકૃતિની ચાદર ઓઢીને લોકશાળા બેલા શિક્ષણનો યજ્ઞ આદરી બેઠી છે. ૧૨૨ ગીર ગાયોની ગૌશાળાનું દૂધ, દહીં, છાશ, ઘી છાત્રોને ભોજનમાં અપાય છે. ઓર્ગેનિક શાકભાજી સંસ્થાના ખેતરોમાં ઉગાડી,મેળવી રસોડે ભોજનમાં ઉપયોગમાં લેવાય છે. રહેવાની અદ્યતન છાત્રાલયો, સ્કૂલના મોટા ક્લાસરૂમો,ઓડિટોરીયમ,રંગમંચ બધું જ ખૂબ સ્વચ્છ જાણે કે એક એક બાબતની કાળજીપૂર્વકની સંભાળ બેલા-સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જી.જી.ભાઈ અને પ્રમુખશ્રી અરવિંદભાઈ રાખે છે. અહીં સંસ્કાર અને શિક્ષણનું અજવાળું પ્રસરતું રહે છે. લોકશાળા બેલા ગામના પાદરમાં ઊભેલું શિક્ષણ અને સંસ્કારનું ધામ છે. ૧૯૫૮થી રેલીનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ - ૫૭મી રેલીમાં મુખ્ય વિષય 'આર્ટીફિસિયલ ઈન્ટેલિજન્ટ' હતો. આ વર્ષ-૨૦૨૪ની શિક્ષણ સંગોષ્ઠિ- ૫૮મી રેલીનો મુખ્ય વિષય 'સ્પોકન ઇંગલિશ'રાખેલો. સમયને પોષક મહત્ત્વના વિષય ઉપરની શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ એટલે ૫૮મી રેલી.

તારીખ ૨૨ ફેબ્રુઆરીના રોજ ૫૮મી રેલીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનમાં લોકશાળા સંઘના પ્રમુખ અને લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ- ઈનોવેશનના કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અધ્યક્ષ સ્થાને બિરાજમાન હતા. મુખ્ય અતિથિ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ બિરજમાન રહ્યાં. આરંભમાં લોકનિકેતન ટ્રસ્ટ બેલાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જીજીભાઈએ પ્રસન્નતાથી,લાગણીસભર શબ્દોથી આમંત્રિત મહેમાનો, શિક્ષક અને વિદ્યાર્થી ભાઈ બહેનોનું સંસ્થાના આનંદી પરિસરમાં સ્વાગત કરતા વાત મૂકી કે,માટીમાં રગદોળાવું અને વાતાનુકુલીંગ રૂમમાં કમ્પ્યૂટર સાથે દોસ્તી કરવી એ બુનિયાદી શિક્ષણના પાયામાં છે. ગામડાંની અમારી લોકશાળા સમયાનુસાર કદમ મિલાવી રહી છે. શાબ્દિક સ્વાગત સાથે યજમાન સંસ્થા દ્વારા દીકરીઓના હાથે મહેમાનોનું કંકુ તિલક કરી, પુષ્પગુચ્છ આપી આવકાર અપાયો હતો.

વિદ્યાર્થિની બહેનો દ્વારા પરમેશ્વરની પ્રાર્થનાથી જાણે કે પરિસરમાં પ્રભુનામ પ્રસર્યું હતું. મુખ્ય મહેમાનોના હાથે દીપ પ્રાગટ્ય થયું કે સમિયાણામાં કોડિયાનું અજવાળું પ્રસર્યું. આ સંસ્થાએ શિક્ષણની જ્યોત પ્રગટાવી કંઈ કેટલા ઘરોને પ્રકાશિત કર્યા છે. લોકશાળા સંઘની ૫૮ મી રેલીના પ્રાસંગિક પ્રવચનમાં કાર્યકરશ્રી જશવંતભાઈ કાકડીયા દ્વારા પ્રવૃત્તિઓની સમજ આપવામાં આવી કે કોદાળીથી કોમ્પ્યૂટર સુધીનું શિક્ષણ લોકશાળામાં અપાઈ રહ્યું છે. આ રેલીનો મુખ્ય વિષય સ્પોકન ઇંગ્લિશ છે. કારણકે માતૃભાષાને હૃદયમાં રાખીને અન્ય ભાષાઓને આત્મસાત કરવી જોઈએ. આજની રેલીમાં ૧૮ લોકશાળાના ધોરણ નવમાં ભણતાં ૧૦૩૮ છાત્રો અને ૪૦ શિક્ષકો એકત્રિત થયા હતા. આ બધા એક છતની નીચે ભેગા થયા એ સમૂહજીવનનો એક ભાગ છે. ભારતીય સંસ્કૃતિનું ધરુંવાડિયું પ્રાણવંત છે.

આ પાંચ દિવસ દરમિયાન ચાર સંમેલનો, રોજ સ્પેલિંગ ક્વિઝ જૂથચર્ચા, ફિલ્મ નિદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં તેમાં ૮૪ કલાકૃતિઓ રજૂ થઈ. પાંચ દિવસ દરમિયાન સાત મેદાની રમતો યોજવામાં આવી હતી. આખા દિવસનું સરવૈયું રેલીના મંત્રી શ્રી સંજયભાઈ કાત્રોડિયા રોજ રજૂ કરે તેથી આગળના દિવસે શું કાળજી રાખવી તે સ્મરણમાં રહે. આ બધા કાર્યક્રમોનું આયોજન, રૂપરેખા જૂન-૨૦૨૩થી સઘન રીતે કરવામાં આવી હતી. વ્યવસ્થાપન વિચારણા અને માર્ગદર્શન માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તેમજ લોકભારતી યુનિવર્સિટીના કાર્યકરોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. બધું વ્યવસ્થાપન બધાને ભેગા રાખીને કરવામાં આવ્યું.

ઉપરોક્ત બધા કાર્યક્રમોનો આરંભ સવારે ૫ઃ૩૦ કલાકથી થતો અને સમાપન રાત્રિના ૧૦ કલાકે કરાતું હતું.

આ ૫૮ મી રેલીમાં ભાવનગરના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કહ્યું કે, 'નવી શિક્ષણ પ્રણાલી એટલે ભારતકેન્દ્રી શિક્ષણ પ્રણાલીમાં જે સૂચવાયું છે તે આ બધી લોકશાળાઓ આચરણ કરી રહી છે. લોકશાળાઓમાં આરંભથી નવીશિક્ષણ પ્રણાલી મુજબ શિક્ષણ આપવામાં આવે છે એનો આનંદ છે.'

મુખ્ય અતિથિવિશેષ તરીકે પધારેલા ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ. હર્ષદ પટેલ સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રેલીના વિચારને 'લાઈફસ્કીલ ડેવલોપમેન્ટ' સાથે જોડીને કહ્યું કે,

'અંગ્રેજી શીખવાની છે અંગ્રેજીયત નથી શીખવાની ઇનોવેશન દ્વારા સહજ શિક્ષણપ્રક્રિયાનું વાતાવરણ સર્જવાનું છે. પોતાના પરિવારમાં બાળકોને વિવિધ ભાષાઓના ૪૦ મેગેઝિન બંધાવીને વાંચન કરતા,બહુભાષિય કર્યા છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ભાષાઓ શીખવાનો, કેળવવાનો વિચાર છે. ગુજરાતી, હિન્દી, ઉર્દુ, મરાઠી એમ ભારતની પ્રાદેશિક ભાષાઓ પણ આપણે શીખી શકીએ છીએ. આ રેલીનો મુખ્ય વિષય સ્પોકન ઇંગ્લિશ છે. જે દિવસે 'ટાઈમ મેગેઝિનના ટાઈટલ પેજમાં કોઈ શિક્ષક કે શિક્ષિકાનો ફોટો છપાશે ત્યારે સમજવું કે શિક્ષક અને શિક્ષણનો સૂર્યોદય થઈ રહ્યો છે.'

લોકશાળા સંઘના પ્રમુખ અને ઉદ્‌ઘાટન સત્રના અધ્યક્ષ લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ પોતાના વિચાર રજૂ કરતા જણાવ્યું કે, મને આ વર્ષથી લોકશાળા સંઘના પ્રમુખ તરીકે જવાબદારી આપી તેનો મને ખૂબ જ આનંદ છે. મારા માટે આ પ્રથમ રેલી છે અને રેલીમાં હું પ્રથમ વખત પ્રમુખ તરીકે બોલી રહ્યો છું તેનો મને આનંદ છે.'

૫૮ મી રેલીમાં ભાવનગરથી લોકસભામાં ચૂંટાયેલા લોક પ્રતિનિધિ સાંસદશ્રી ભારતીબહેન શિયાળ પણ આવ્યા હતા. ભારતીબહેને પોતાના વિશેષ પ્રવચનમાં ભારત માતાકી જયના નારા સાથે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારીને આ પ્રવૃતિને રચનાત્મક ગણાવી હતી.

આ શિક્ષણ સંગોષ્ઠિમાં પાંચ દિવસ સંસ્થામાં સરેરાશ ૧૪ કલાક કાર્યક્રમોનો જીવંત ધબકાર પ્રસરતો રહ્યો હતો. સ્પોકન અંગ્રેજીના અને ઉત્તમ વકતાશ્રીઓ આ રેલીમાં માર્ગદર્શન માટે આવતા રહેતાં. સમયસર ત્રણ ટાઈમ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં બેલા સંસ્થાએ ખૂબ કાળજી રાખી હતી. નિષ્ઠાથી સમયનું આયોજન પાલન બધાંએ નિભાવ્યું. સમાપનમાં વર્ષોથી રેલી માટે ચિંતા કરતા રહેતાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ડૉ.અરુણભાઈ ઉપસ્થિત રહી..પોતાના અનુભવ અને અનુભૂતિની વાતો કરી. સાથે મોજિલું શિક્ષણ કોને કહેવાય એના દષ્ટાંતમાં લોકશાળાઓની રેલીની આ શિક્ષણ સંગોષ્ઠિને ગણાવી. અને એવું શિક્ષણ ગુજરાતની લોકશાળાઓમાં અને દેશની ગ્રામવિદ્યાપીઠોમાં આપવામાં આવે છે. આ નઈ તાલીમના શિક્ષણને તો હવે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NAP)એ એના એજન્ડામાં સમાવી લીધું છે.

સમાપન કાર્યક્રમમાં (૨૬/૨/૨૪)પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન માનનીયશ્રી મધુકરભાઈ પારેખ અને એમના મિત્રો આવ્યાં જાણે કે પ્રસંગ અવસરમાં રૂપાંતર પામ્યો. શિક્ષણ સંગોષ્ઠિમાં મને પણ પાંચ દિવસ કાર્યરત રહેવાનો લ્હાવો મળ્યો એ મારા જીવનપથમાં વાર્ધકયની સ્મૃતિનો મહત્ત્વનો પડાવ બની રહેશે.

જય જગત

## ૦૮ સંસ્થા સમાચાર (માર્ચ, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા. ૨ ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં સંતરામપુર ડાયેટના અધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓએ શુભેચ્છા મુલાકાતે આવી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ સાથે ગોષ્ઠિ કરી હતી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૮ના સમાપન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ઉપસ્થિત રહી શુભેચ્છા પ્રવચન આપેલ તેમજ તાલીમાર્થીઓને પુસ્તક સાથે પ્રમાણપત્ર વિતરણ કરેલ.
- તા.૦૬ના રોજ શ્રી ગિરીશભાઈ દવે અને શ્રી જગદીશગિરિ ગોસાઈ માઈધાર સંસ્થામાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ અને માર્ગદર્શન આપવા માટે જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૯નો વર્ગ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર અને રાજકોટ એમ કુલ ત્રણ જિલ્લાના ૧૮ તાલીમાર્થીઓ હાજર થયેલ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૯ના વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો
- લોકભારતીના પ્રમુખ દાતા એવી પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સી.એ. શ્રી ભાવિકભાઈ દવે, શ્રી મહેબૂબભાઈ પુંજાણી અને શ્રી નિખિલભાઈ મડગાંવકર તા.૦૭મીના રોજ લોકભારતીના હિસાબી રીપોર્ટિંગના અનુકાર્ય માટે આવી ગયા.
- તા.૦૮ના રોજ સણોસરાની બાજુના પીપરડી ગામે ગુજરાત રાજ્યના જળ સંસાધન મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા પાસે સણોસરા વિસ્તારમાં નર્મદાના પાણી કોઈ રીતે પહોંચે તેવી રજૂઆત કરવા સ્થાનિક ગ્રામ આગેવાનો સાથે શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને જાણીતા એડવોકેટ શ્રી બાબુભાઈ માંગુકિયાનાં માતુશ્રીના અવસાન નિમિત્તે તા.૦૮ના રોજ તેમની અંતિમયાત્રામાં સુખપર મુકામે શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના સેમેસ્ટર ૪ ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ તા. ૮ થી ૧૨ માર્ચ દરમિયાન યોજાયો. પ્રવાસમાં કાર્યકર સંયોજક શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી વિશાલભાઈ જોષીએ કામગીરી સંભાળી.
- તા.૧૦ના રોજ લોકભારતી ખેતી વિભાગના આંબાનાં વૃક્ષોના ફાલનો ઈજારો ચીકુવાડીમાં ગોઠવવામાં આવ્યો.
- તા.૧૧ સાંજથી તા.૧૫ સાંજ સુધી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગરના બી.એડ.ના તાલીમાર્થીઓની 'હું શિક્ષક છું' શિબિર યોજાઈ ગઈ. ટ્રેઇનર તરીકે શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ અને ગાંધીભારતી કેન્દ્રના સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમાએ સેવાઓ આપી.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થિની શ્રી મુક્તિબહેન ખીમાણી અને સ્વામી સત્યમુનિ એકાદ સપ્તાહ માટે લોકભારતીમાં નિવાસ કરી ગયા. સત્યમુનિના કલાસર્જનની યાત્રા વિશેનું એક પ્રેઝન્ટેશન તા.૧૫ના રોજ સાયં પ્રાર્થનાના

અનુસંધાને ગોઠવાયું.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૧૫ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ- ૨૫૯માં રાત્રી પ્રવૃત્તિમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ તાલીમાર્થીઓને આકાશ દર્શન કરાવ્યુ તથા પ્રશ્નોતરી યોજી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૯માં શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'હાસ્ય થેરાપી' વિશે મનનીય વાતો રજૂ કરી હતી.
- તા. ૧૬ ના રોજ અધ્યાપમંદિરમાં 'સાઈબર ક્રાઈમ અને મહિલા સુરક્ષા' અંગેનો કાર્યક્રમ યોજાયો. જેમાં સોનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી ડી.વી. ડાંગરે હાલમાં વધતા ગુનાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિષે વિસ્તૃત જાણકારી આપી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૯માં રાત્રી પ્રવૃત્તિમાં માં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાનું પી.પી.ટી.દ્વારા રજૂઆત કરી.
- માઈધાર મુકામે ચાલીશ વર્ષ પહેલાં ઊભી કરવામાં આવેલી ૧૧૦ ફુટ ઉંચી ફ્રાન્સની 'એરોવેટ' કંપનીની પવનચક્કી(વિન્ડ જનરેટર) વર્ષોથી બિનકાર્યરત હતી. તે ઉતારવાનું કાર્ય તા.૧૯ના રોજ સફળતાપૂર્વક અને સલામતીપૂર્વક પૂર્ણ થયું. માઈધારની કેટલીક ઐતહાસિક ઘટનાઓ પૈકી વિન્ડ જનરેટરનું ઇન્સ્ટોલેશન એક હતી.
- તા. ૨૦ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં હિંગોળગઢના નિવૃત્ત આર.એફ.ઓ. શ્રી વિરજીભાઈ બાલા, શ્રી મુકેશભાઈ પંડિત, ઉગામેડી-શાળાના નિવૃત્ત આચાર્ય રમેશભાઈ અને દાતાઓએ 'ચકલી બચાવો અભિયાન' વિષે પ્રાસંગિક વાત કરીને ચકલીના માળાનું વિતરણ કર્યું. તેમજ તાલીમાર્થીઓએ લોકભારતી કેમ્પસ પર વિવિધ જગ્યાએ માળા લગાવીને દિવસની ઉજવણી સાર્થક કરી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૦ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ-૨૫૯ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ ઉપસ્થિત રહી શુભેચ્છા પ્રવચન તેમજ તાલીમાર્થીઓને પુસ્તક સાથે પ્રમાણપત્ર વિતરણ કરેલ.
- શ્રી રજનીબહેન ગાંધી અને તેમનાં બહેન શ્રી અર્ચનાબહેન મહેતા તા.૨૨ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- તા.૨૨મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'સાંઈ કવિ મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મ' અંગે વક્તવ્ય આપ્યું.
- તા.૨૩મીએ હોલિકાદહનનો અને બીજે દિવસે તા.૨૪મીએ સવારે રંગોત્સવનો પરંપરાગત કાર્યક્રમ તથા બપોર પછી જાણીતા હાસ્ય કલાકાર શ્રી સુખદેવભાઈ ધામેલિયાનો હાસ્યનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૬થી ૩૦ના સમયગાળા દરમિયાન ટી.વાય.બી.આર.એસના વિદ્યાર્થીઓની એન.એસ.એસ. ગ્રામ શિબિર મુ.આદપુર તા.પાલીતાણા ખાતે યોજાઈ ગઈ. આ શિબિરના ઉદ્દઘાટન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા. સમાપન પ્રસંગે શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી જયવંતસિંહ ગોહિલ હાજર રહ્યા. આ પાંચ દિવસો દરમિયાન સમરસતા અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત વન વિભાગના સંકલનમાં સફાઈ કાર્ય કરવામાં આવ્યું. આ કાર્યક્રમના સંયોજક તરીકે શ્રી જીજ્ઞેશભાઈ પંચાસરા, શ્રી નિતીનભાઈ ભિંગરાડિયા, શ્રી અલ્કેશભાઈ ચૌહાણ અને શ્રી કુમારભાઈ પુરોહિત જોડાયા.

- તા. ૨૯ ના રોજ ઘોઘા તાલુકાની વિવિધ શાળામાંથી ૪૬ પ્રતિભાશાળી બાળકો અને શિક્ષકોએ લોકભારતીની કાર્ય પ્રણાલી જાણવા સમજવા શુભેચ્છા મુલાકાત લીધી.
- તા. ૩૦ના રોજ ઉગામેડી-શાળામાંથી લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓની શિક્ષક તરીકે પસંદગી માટે કેમ્પસ ઈન્ટરવ્યું ગોઠવાયું.
- તા.૩૦મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની ટ્રસ્ટીમંડળની એક બેઠક સાંજે ૦૪-૦૦ કલાકે યોજાઈ ગઈ. જેમાં સ્થાનિક ટ્રસ્ટીશ્રી પ્રત્યક્ષ રીતે અને બહાર ગામ વસતા ટ્રસ્ટીશ્રીઓ ઓનલાઈન જોડાયા.
- તા.૩૦ના રોજ એફ .વાય .બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ agriculture studies વિષયના ભાગ રૂપે એકદિવસીય પ્રવાસમાં જઈ આવ્યા. સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી જોડાયા.
- લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર અને વિજ્ઞાનનગરી-ભાવનગરની એસ્ટ્રોનોમી ક્લબના સંયુક્ત ઉપક્રમે 'ચાલો, ગગનને નીરખીએ...' આકાશદર્શન અને બ્રહ્માંડદર્શનનો એક એનોખો કાર્યક્રમ સ્વ.શ્રી બળવંતભાઈ પારેખ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે લોકભારતીને આંગણે યોજાઈ ગયો. તેમાં પ્રાસંગિક અને ચાવીરૂપ વક્તવ્ય જાણીતા ખગોળવિજ્ઞાની શ્રી અરુણભાઈ દવેએ આપ્યું. ટેક્નિકલ સેશનમાં જામનગરના શ્રી અમિતભાઈ વ્યાસે બ્રહ્માંડનાં પાયાનાં પરિબળો અને તારાઓની રચના સંદર્ભે બહુ અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. રાતે આઠથી દસ સુધી રાજેન્દ્ર ટેકરીના સ્થળે એકદમ અંધારી જગ્યાએ નરી આંખે દેખાતું આકાશ અને તેની સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ સહિતનું આકાશદર્શન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ કરાવ્યું. અમરેલીથી આવેલા શ્રી અનિરુદ્ધભાઈ અધ્વર્યુ અને ભાવનગરથી આવેલા શ્રી દર્શનભાઈ પાઠકે સ્વૈચ્છિક રીતે જ સ્વયં પ્રેરણાથી પોતપોતાના ટેલિસ્કોપ સ્વખર્ચે અને જોખમે લાવીને કેટલાંક આકાશી પિન્ડોનું દર્શન કરાવ્યું. ભાવનગર, જામનગર, અમરેલી એમ આ ત્રણેય જિલ્લાઓમાંથી અને સ્થાનિક લોકભારતી અને આસપાસના લગભગ સવાસો જેટલા રસિકોએ આ કાર્યક્રમ સરસ રીતે માણ્યો.

**આંબલા સમાચાર**

- તા.૦૫ના રોજ કાર્યકર પરિવાર સાથે આંબાવાડીમાં પરિવાર ભોજન કરેલ.
- તા.૦૬ના રોજ ધોરણ ૧૦ અને ૧૨નો શુભેચ્છા કાર્યકમ શ્રી મેહુલભાઈ ભાલ તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણની હાજરીમાં યોજાઈ ગયેલ.
- તા. ૦૬ના રોજ ગરબી યોજાઈ, વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર ઉત્સાહ ભેર જોડાયેલ.
- તા. ૨૯ના રોજ ધોરણ ૦૯ અને ૧૧ની છાત્રાલય પ્રવેશ પરીક્ષા યોજાઈ. આંબલા ગામના ૫૫ અને ૧૬૫ બહાર ગામના વિદ્યાર્થીઓ હાજરા રહેલ.
- તા. ૧૩ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટીયા તરફથી છાત્રોને મહાભોજન કરાવવામાં આવ્યું.
- તા.૨૨ના રોજ બે વર્ષના નિવાસ દરમિયાન પોતે શું નવું શીખ્યા એ સ્વઅનુભવ રજૂ કરવાનો એક અનોખો કાર્યક્રમ ધોરણ દસના વિદ્યાર્થીઓનો યોજાઈ ગયો. અંતમાં ગૃહપતિએ શીખ આપી કે સારા માણસ થવું. સત્યને સાથ આપવો. નીડર બનીને અન્યાય સામે અવાજ ઉઠાવવો. લોક ઉપયોગી કાર્ય કરવા. અન્ય માટે સહાનુભૂતિ, કરૂણા રાખવી. પરિવારના સભ્યોથી કોઈ વાત, ભૂલ, ગુનો છૂપાવવો નહી. નિખાલસ પણે માતા પિતા અને પરિવાર સાથે પોતાના ગમા,અણગમાની વાત કરો. ઘર પરિવાર અંગે વિચારો. વગેરે વાતો થઈ.

- તા. ૨૪ના રોજ મોજીલી પ્રાથમિક શાળા કેમ્પસ પર હોલિકા દહન કાર્યક્રમ યોજાયો. પ્રાથમિકશાળાના અને લોકશાળાના કાર્યકરો પરિવાર સાથે જોડાયા. ખજૂર, ધણી, અને દાળિયા તથા શ્રીફળનો પ્રસાદ પણ લીધો.
- તા. ૨૫ના રોજ સૌએ રંગોત્સવનો ઉત્સવ આનંદ-ઉત્સાહથી ઉજવ્યો.

**મણાર સમાચાર**

- તા. ૦૧ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના દસમાં અને બારમાં ધોરણના વિદ્યાર્થીઓનો શુભેચ્છા અને વિદાય સમારંભ ડૉ.મનહરભાઈ ઠાકર અને શ્રી ગોવિંદભાઈ બતાડાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ એન.એસ.એસ.ના ૨૫ સ્વયંસેવકો ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.
- તા. ૦૨ના રોજ ધોરણ -૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ગદર્શન તાલીમ બાયસેગ પર વંદે ગુજરાત ચેનલ નંબર.-૯ પર નિહાળી સમગ્ર સ્ટાફગણે માર્ગદર્શન મેળવ્યું.
- તા. ૦૪ના રોજ શાળામાં સ્વયંપાક દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા.૦૬ના રોજ ભાવનગરના ડી.ઈ.ઓ. સાહેબ શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા અને ઈ.આ. શ્રી પંડયાસાહેબ શાળાની મુલાકાતે આવી ગયા.
- તા. ૦૮ના રોજ શાળામાં ''વિશ્વ મહિલાદિવસ''ની ઉજવણી કરવામાં આવી. શ્રી કંચનબહેને ધોરણ ૯ થી ૧૨ની બહેનોને મહિલાદિવસને લગતું મનનીય પ્રવચન તથા માર્ગદર્શન આપ્યું. શાળામાં મહાશિવરાત્રીની પણ ઉજવણી સાથે મોજીલા શિક્ષણ અભિયાનનો પણ કાર્યક્રમ રહ્યો.
- તા. ૦૯ના રોજ સર્વ સ્ટાફગણ દ્વારા ન.મો.લક્ષ્મી અને ન.મો. સરસ્વતી યોજના વિષયક માહિતી ઓનલાઈન નિહાળી તથા બોર્ડની પરીક્ષાના આયોજન ભાગ રૂપે શિક્ષક કર્મચારી ગણ સથરા મિટિંગમાં જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર શાળાનાં તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ કુમકુમ તિલક અને મોં મીઠા કરાવીને શુભેચ્છાઓ પાઠવી.
- તા.૨૧ના રોજ સમૂહભોજન ગોઠવવામાં આવ્યું.

**માઈધાર સમાચાર**

- તા. ૬ ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ અને વાલી સંમેલન યોજાઈ ગયું. લોકભારતી અધ્યાપનમંદિરના આચાર્યશ્રી જગદીશગીરી ગોસાઈ અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનાં આચાર્યશ્રી ગિરીશભાઈ દવે અને લોકકલ્યાણ વિદ્યાલયના ટ્રસ્ટીશ્રી અરજણભાઈ ડાંગર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રાસંગિક વાતો કરી શુભેચ્છા પાઠવી. સાથે લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓના વાલીઓનું વાલીમિલન પણ યોજાયું.
- તા.૬ ના રોજ સ્વ. બળવંતભાઈ પારેખ જન્મ શતાબ્દી નિમિત્તે માઈધારમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ ગઈ. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સણોસરાથી સરોજબેન ચૌધરી તથા કૃષિ નિષ્ણાત શ્રી નારસંગભાઈ મોરી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન અપાયું. સંકલનમાં શ્રી મહિપાલભાઈ ભટ્ટ રહ્યા હતા.
- તા.૧૯ના રોજ રમતગમત મેદાન માટે શ્રી અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી મિલનભાઈ કેરાસીયા, શ્રી ઘનશ્યામભાઈ હુંબલ માઈધાર કેન્દ્રમાં આવી ગયા અને મેદાનમાં ઉભેલી ૪૦ વર્ષ જૂની પવનચક્કી હતી

તેમને પાડવામાં આવી અને મેદાન બનાવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી.

- તા.૨૦ માર્ચના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ચકલીઓ માટે માળા અને પાણીના કુંડા બાંધી ચકલીદિવસની ઉજવણી કરી.
- તા.૨૮ના રોજ શ્રીમતી જયાલક્ષ્મી પ્રવીણચંદ્ર બાબુલાલ શાહ ટ્રસ્ટ, હસ્તે શ્રીમતી મિતાબહેન વિપુલભાઈ શાહ તથા શ્રીમતી નિલોનીબહેન મિહિરભાઈ તથા શ્રી વત્સલભાઈ વિપુલભાઈ શાહ તરફથી શ્રી લોકવિદ્યાલય માઈધારને એપ્લીફાયર ભેટઆપવામાં આવ્યું. શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા પ્રેરણાસ્ત્રોત રહ્યા.
- તા.૨૮ના રોજ સ્વ બળવંતભાઈ પારેખ જન્મ શતાબ્દી મહોત્સવ નિમિત્તે NEPના અમલીકરણ સંદર્ભે સંસ્થામાં આયોજિત શિક્ષક સંગોષ્ઠિમાં સંસ્થા સાથે જોડાયેલ ૧૦૦ શાળાના શિક્ષકો – આચાર્યો હાજર રહ્યા.જેમાં શ્રી નલિનભાઈ પંડિત સાહેબ, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ડૉ. વિશાલભાઈ ભાદાણી, શ્રી છાયાબહેન પારેખ અને ડૉ. અરુણભાઈ દવેએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા માર્ગદર્શન આપ્યું. આંબલા, મણાર, શેત્રુંજીડેમ, બેલા વગેરે સંસ્થાના સંચાલકો અને આચાર્ય તેમજ મોજીલું શિક્ષણના કાર્યકરો અને લોકભારતીથી અર્ચનાબહેન દવે હાજર રહી સૌને પ્રોત્સાહિત કર્યા.

**રસ**

મોરારિબાપુને પ્રશ્નઃ 'બાપુ, આપને રામ, કૃષ્ણ, હનુમાન, શિવ -કોનામાં રસ છે? '

બાપુ : 'મને લાઈફમાં રસ છે, જિંદગીમાં રસ છે. લાફઈ છે તો ઓલરેડી રામ છે. જિંદગી છે, રસ છે તો ઓલરેડી કૃષ્ણ છે.'

**સમ-સંવેદનશીલ**

પૂજય મોરારિબાપુને એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો : 'બાપુ, ભરોસો કેવા માણસ પર મૂકવો ?'

બાપુઃ 'જે આપણી આંખના આંસુને જોઈ શકે અને લૂછી શકે, આંસુ આવે નહીં એવી પરમાત્માને પ્રાર્થના કરે એમના પર ભરોસો કરવો જોઈએ.'

**સુશાસન**

કન્ફયુશિયસ કોઈ ગામમાં ગયો ત્યારે એક દુઃખી સ્ત્રી તેને મળવા આવે છે. એ પોતાની પીડા કહે કે ગામમાં માણસખાઉ વાઘ એના પતિને અને પછી એના બાળકને ખાઈ ગયો હતો. આમ કહેતા એ સ્ત્રી રડી પડી. એ જોઈ કન્ફયુશિયસે એ સ્ત્રીને પૂછયુંઃ 'વાઘનો ભયંકર ભય હોવા છતાં તું બીજે કોઈ સ્થળે સ્થળાંતર કરી રહેવા કેમ જતી નથી ?'

જવાબમાં કન્ફયુશિયસને સ્ત્રીએ કહ્યું હતુંઃ 'આ ગામના રાજા બહુ સારા છે તેથી કાયદો અને વ્યવસ્થાનું બરાબર પાલન થાય છે. માટે મારે આ ગામ છોડવું નથી.'

**જવાબ !**

જગપ્રસિદ્ધ વિજ્ઞાની આલ્બર્ટ આઈનસ્ટાઈને ઈઝરાયેલ દેશનું પ્રમુખપદ ઓફર થયેલું અને તે પદનો તેમણે સહર્ષ અસ્વીકાર કરેલો ત્યારે એક પત્રકારે આઈનસ્ટાઈનને પૂછયું હતુંઃ 'આપ, શા માટે દેશનો પ્રથમ હોદ્દો સ્વીકારતા નથી એવું ?'

જવાબમાં આઈનસ્ટાઈને કહેલુંઃ 'હું વિજ્ઞાનના પ્રોબ્લેમ ઉકેલી શકું, રાજકારણના કદાપી નહીં.'

## સન્માનિત થતી ‘લોકભારતી’



‘સબકે રામ ઓન ઈન્સ્ટાગ્રામ’- રાજ્યકક્ષાની કાવ્યસ્પર્ધામાં લોકભારતીના અધ્યાપકશ્રી વિશાલભાઈ જોશીની રચના પ્રથમ ક્રમે આવતા ગાંધીનગર ખાતે તેમને સન્માનિત કરવામાં આવ્યાં.

## માઈધાર ખાતે યોજાયેલ NEP-૨૦૨૦ અમલીકરણ સંદર્ભની શિક્ષણ- સંગોષ્ઠિ





## હોળી- ધુળેટી પર્વની લોકભારતી ખાતે રંગભરી ઉજવણી





## ધુળેટી નિમિત્તે શ્રી સુખદેવભાઈ ધામેલિયા દ્વારા હાસ્યરંગ પ્રસ્તુતિ








To.

**From :**


**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-